પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૦-૦૪-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૦૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ચૂંટણી માટે ફોર્મ ભરવાનો આવતી કાલે છેલ્લો દિવસ

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય ઉત્તેજના પરાકાષ્ઠાએ : છેલ્લી ઘડી સુધી ભાજપ-કોંગ્રેસે મોટા ભાગના ઉમેદવારો જાહેર કર્યા ન હોવાથી આવતી કાલે ચૂંટણીપંચની કસોટી થશે

અમદાવાદ, તા. ૧૦

ગુજરાતમાં આગામી ૨૬મીએ યોજાનારી કોર્પોરેશનો-પંચાયતો તથા નગરપાલિકાઓની ચૂંટણી પૂર્વે ઉમેદવારી ફોર્મ ભરવાના આવતીકાલના છેલ્લા દિવસ પૂર્વે રાજકીય ઉત્તેજના ચરમસીમાએ પહોંચી છે.

ખાસ કરીને ભાજપ-કોંગ્રેસ જેવા મુખ્ય રાજકીય પક્ષોએ છેલ્લી ઘડી સુધી ઉમેદવારોના નામો જાહેર કર્યા ન હોવાથી આવતીકાલે ફોર્મ ભરવા જબરો ધસારો થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં રાજકોટ સહિત ૧૫ મ્યુનીસીપલ કોર્પોરેશનો, ૮૪ નગરપાલિકાઓની ચૂંટણી આગામી ૨૬મી એપ્રિલે યોજાવાની છે. આ સિવાય ૧૧ નગરપાલિકાઓમાં ખાલી પડેલી ૧૩ બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાવાની છે. આ તમામ ચૂંટણી માટેનું જાહેરનામું ગત ૬ એપ્રિલે જાહેર કરી દેવામાં આવ્યું હતું અને ૧૧ એપ્રિલ સુધી ફોર્મ ભરવાના છે.

આવતીકાલે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ છે. ભાજપ-કોંગ્રેસ જેવા મુખ્ય રાજકીય પક્ષોએ આજ સુધી-છેલ્લી ઘડી સુધી ઉમેદવારોના નામો જાહેર કર્યા નથી. છેલ્લી ઘડીએ ઉમેદવારો જાહેર થાય તેમ હોવાથી ફરજીયાતપણે આવતીકાલે જ ફોર્મ ભરવા પડશે એટલે ધસારો થવાની આશંકા છે.



રાજ્યમાં જ્યાં ચૂંટણી થવાની છે તે તમામ કોર્પોરેશન-પંચાયતો તથા નગરપાલિકાઓમાં ૯૦૦૦થી વધુ બેઠકો છે અને તેમાં ૫૦,૦૦૦ જેટલા ઉમેદવારો ઝુકાવે તેવો અંદાજ મુકવામાં આવી રહ્યો છે. છેલ્લી ઘડીએ એક સાથે ધસારો થવાના સંજોગોમાં અંધાધૂંધીની હાલત ઉભી થઇ શકે છે.

ચૂંટણી પંચ દ્વારા સંભવિત સ્થિતિને ધ્યાનમાં રાખીને એકથી વધુ સ્થળોએ ફોર્મ ભરવાની વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા ફોર્મ પ્રક્રિયામાં પહોંચી વળવાનું પડકારજનક બની શકે તેમ છે. રીતસર કસોટી થવા જેવો ઘાટ સર્જાવાની આશંકા છે.

ભાજપ દ્વારા ગઈકાલ સાંજથી તબકકાવાર ઉમેદવારો જાહેર કરવાનું શરૂ કરાયું છે. કોંગ્રેસે અગાઉ સાત મહાપાલિકાના ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. 'આપ' દ્વારા પણ ઉમેદવારો જાહેર કરી દેવાયા છે. તેઓ આજે ફોર્મ ભરે છે કે કેમ તે પણ મહત્વનું બનશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કાર્યક્રમ પ્રમાણે આવતીકાલ સુધી ફોર્મ ભરી શકાશે. તા.૧૩મીએ ફોર્મની ચકાસણી થશે. ૧૫મીએ ફોર્મ પાછા ખેંચવાનો છેલ્લો દિવસ રહેશે. ત્યાર પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે. ૨૮મીએ મતગણતરી થશે.

# ઈરાન વિશ્વ માટે એક મોટો ખતરો છે : વર્લ્ડ બેંકનો દાવો

### ઈરાનના કારણે અનેક લોકો ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે

નવી દિલ્હી, તા. ૧૦

ન્યુ દિલ્હી : વર્લ્ડ બેંક અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) એ જણાવ્યું છે કે, પશ્ચિમ એશિયામાં યુદ્ધે વૈશ્વિક ઉર્જા બજારોમાં મોટો વિક્ષેપ પાડ્યો છે, જેના કારણે ખાદ્ય પદાર્થોના ભાવ અને ખાદ્ય સુરક્ષા પર ગંભીર અસર પડી છે. એક સંયુક્ત નિવેદનમાં, ત્રણેય સંગઠનોના વડાઓએ જણાવ્યું હતું કે ખાદ્ય પદાર્થોના વધતા ભાવ વિશ્વની સંવેદનશીલ વસ્તી પર સૌથી મોટો બોજ પડશે.

તેમણે જણાવ્યું હતું કે, "તેલ, ગેસ અને ખાતરના ભાવમાં તીવ્ર વધારો, તેમજ પરિવહન વિક્ષેપો, અનિવાર્યપણે ખાદ્ય પદાર્થોના ભાવ અને ખાદ્ય અસુરક્ષાને વધુ ખરાબ કરશે.'' સંગઠનોએ જણાવ્યું હતું કે તેઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખશે અને કટોકટીથી પ્રભાવિત લોકોને ટેકો આપવા માટે ઉપલબ્ધ તમામ સંસાધનોનું સંકલન કરશે.

નિવેદનમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે, ઈંધણ અને ખાદ્ય પદાર્થોના વધતા ભાવ, ખાસ કરીને ઓછી આવક ધરાવતા અને આયાત-આધારિત દેશોમાં, સરકારોની મર્યાદિત નાણાકીય ક્ષમતાને કારણે સંવેદનશીલ પરિવારો પર સૌથી વધુ અસર કરશે.

ત્રણેય સંગઠનોએ ખાતરી આપી હતી કે તેઓ જીવન અને આજીવિકાનું રક્ષણ કરવા અને સ્થિરતા, વૃદ્ધિ અને રોજગાર સુનિશ્ચિત કરવાના હેતુથી લાંબા

અનુસંધાન પાના ૭ પર

# એપ્સ્ટીન મામલે મેલાનિયા ટ્રમ્પ ભારે ગુસ્સે ભરાયા

### મને દોષિત જાતીય અપરધી સાથે જોડતા નહીં : મેલાનિયા

નવી દિલ્હી, તા. ૧૦

USAના ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે ગુરુવારે વ્હાઈટ હાઉસમાંથી આપેલા નિવેદનમાં ''મને અપમાનિત જેફરી એપસ્ટીન સાથે જોડતા જૂઠાણાંથી દૂર રાખો'' એમ કહીને આકરા પ્રહાર કર્યા હતા. તેમણે દોષિત ઠરેલા જાતીય અપરાધીથી પોતાને દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો. આ સાથે જ મેલાનિયા ટ્રમ્પે કોંગ્રેસને વિનંતી કરી હતી કે તેઓ એવી સુનાવણી યોજે જેમાં પીડિતો કેપિટલ હિલ (સંસદ) પર જુબાની આપી શકે.

મેલાનિયા ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું, ''હું ક્યારેય એપસ્ટીનની મિત્ર રહી નથી. ડોનાલ્ડ અને મને સમયાંતરે એપસ્ટીન જેવી જ પાર્ટીઓમાં આમંત્રણ આપવામાં આવતું હતું, કારણ કે ન્યૂયોર્ક સિટી અને પામ બીચમાં સામાજિક વર્તુળો એકબીજા સાથે જોડાયેલા હોવા સામાન્ય બાબત છે. સ્પષ્ટતા ખાતર કહી દઉં કે, મારે એપસ્ટીન અથવા તેની મહિલા મિત્ર ઘિસ્લેન મેક્સવેલ

અનુસંધાન પાના ૭ પર

# ઈઝરાયેલ કેન્સર જેવું હોવાનો પાક. રક્ષામંત્રી આસિફનું નિવેદન

### ઈઝરાયેલે ગાઝા-ઈરાન અને લેબનોનમાં નરસંહાર કર્યો : પાક

નવી દિલ્હી, તા. ૧૦

અમેરિકા-ઈરાન શાંતિ વાટાઘાટો પહેલાં ઈઝરાયલ અને પાકિસ્તાન વચ્ચે વિવાદ વધ્યો છે. આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ઈઝરાયલ પર લેબનોનમાં નરસંહાર કરવાનો આરોપ લગાવ્યો. ખ્વાજા આસિફે કહ્યું-

ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયે આસિફના નિવેદનને વાંધાજનક ગણાવ્યું. તેમણે કહ્યું કે આ નિવેદન ઈઝરાયલને ખતમ કરવાની માગ જેવું છે. તેને સ્વીકારી શકાય નહીં, ખાસ કરીને તે દેશ પાસેથી જે પોતાને શાંતિ વાટાઘાટોનો મધ્યસ્થી ગણાવી રહ્યો હોય. જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચે શનિવારે યુદ્ધવિરામ અંગે મહત્વપૂર્ણ વાતચીત થવાની છે. રોઈટર્સ અનુસાર, આ વાટાઘાટો પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં થશે. અમેરિકા અને ઈરાન વચ્ચે શનિવારે ઈસ્લામાબાદની આલીશાન હોટેલ સેરેનામાં વાતચીત થશે. આ માટે અમેરિકી ડેલિગેશન આજે એટલે કે શુક્રવારે ઈસ્લામાબાદ પહોંચશે, જ્યારે ઈરાની ડેલિગેશન પહેલાથી જ પહોંચી ગયું છે. આ બેઠકમાં અમેરિકા તરફથી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ ટીમનું નેતૃત્વ કરશે. ઈરાની મીડિયા અનુસાર, સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગેર ગાલિબાફ પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરશે.

અનુસંધાન પાના ૭ પર

# વધતા વાહનોની રફતારના કહેરમાં ભોગ બનતી અમુલ્ય માનવ જીંદગી

### ગુજરાતમાં દર કલાકે બે જીવલેણ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત

નવી દિલ્હી, તા. ૧૦

ગુજરાતમાં વાહનોની સંખ્યામાં મોટા વધારા સાથે માર્ગ અકસ્માતોમાં પણ ધરખમ-ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. માહિતી અધિકાર કાયદા હેઠળ સરકારે જાહેર કરેલી માહિતી મુજબ ગુજરાતમાં ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન ૭૯૦૫૪ માર્ગમાં દુર્ઘટનાઓમાં ૩૮૫૩૦ લોકોના મોત થયા હતા. રાજ્યમાં જીવલેણ માર્ગ અકસ્માતો સતત વધી રહ્યાનું બહાર આવ્યું છે.

અમદાવાદના આરટીઆઇ કાર્યકર્તા મનોજ પટેલને માહિતી અધિકાર કાયદા હેઠળ આવેલી માહિતી મુજબ ૨૦૨૨માં જીવલેણ માર્ગ અકસ્માતોમાં ૯૪૧૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ૨૦૨૫માં દુર્ઘટનાનો આંકડો ૧૬૧૮૦ થયો હતો.

સરકારી માહિતીના આધારે એવું તારણ નિકળે છે કે દર કલાકે બે જીવલેણ અકસ્માતો નોંધાયા હતા અને તેમાં સરેરાશ એક વ્યક્તિ મૃત્યુને ભેટ્યો હતો. સરકાર તથા તંત્ર દ્વારા ટ્રાફિકના આકરા નિયમનો અને જાગૃતિ અભિયાન ચલાવવા

અનુસંધાન પાના ૭ પર

# મોદીની હત્યાનું કાવતરૂં ઘડનારા ૩ની ધરપકડ

### બક્સરમાંથી હાઈપ્રોફાઈલ હેકરની ધરપકડ, વડાપ્રધાન તથા પીએમઓની ગુપ્ત માહિતી ઓનલાઈન વેચતો હતો

નવી દિલ્હી, તા. ૧૦

બિહારના બક્સર જિલ્લામાંથી સુરક્ષા એજન્સીઓએ એક એવા હેકરની ધરપકડ કરી છે જેણે દેશની સુરક્ષા વ્યવસ્થામાં ખળભળાટ મચાવી દીધો છે. આ શખ્સ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષા સાથે જોડાયેલી અત્યંત ગુપ્ત અને સંવેદનશીલ માહિતી ડાર્ક વેબ પર વેચવાનો ગંભીર આરોપ છે.

બક્સર પોલીસે પીએમ નરેન્દ્ર મોદીની હત્યાનું કાવતરું ઘડવાના આરોપમાં અમન તિવારી નામના વ્યક્તિ સહિત ત્રણ લોકોની



ધરપકડ કરી. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓએ યુએસની સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (સીઆઈએ)ને એક ઈમેલ મોકલ્યો હતો, જેમાં પૈસાના બદલામાં પીએમ મોદી પર હુમલો કરવાની ઓફર કરવામાં આવી હતી.

કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ (IB) અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સને બાતમી મળી હતી કે બક્સરનો એક યુવક પ્રતિબંધિત વેબસાઈટ્સ અને ડાર્ક વેબ દ્વારા દેશના ઉચ્ચ પદાધિકારીઓની સુરક્ષા વિગતો લીક કરી રહ્યો છે. આ માહિતીના આધારે સ્થાનિક પોલીસની મદદથી દરોડો પાડીને આરોપીની અટકાયત કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અમન ઈન્ટરનેટના માધ્યમથી પાકિસ્તાન અને અન્ય કેટલાક દેશોના હેકર્સ તથા એજન્ટો સાથે વાતચીત કરતો હતો. તે મોદીના કાર્યક્રમો, તેમના સુરક્ષા ઘેરા અને અન્ય મહત્વપૂર્ણ વિગતો એકઠી કરી રહ્યો હતો. તેની પાસેથી મળેલા ઉપકરણોની તપાસમાં કેટલીક એવી ચેટ્સ અને નકશાઓ મળી આવ્યા છે જે કોઈ મોટા હુમલાના ષડયંત્ર તરફ ઈશારો કરે છે.

આરોપી પાસેથી હાઈ-ટેક લેપટોપ, અનેક મોબાઈલ ફોન, હાર્ડ ડિસ્ક અને વિદેશી બેંક ખાતાઓની વિગતો મળી આવી છે. તેના ડિવાઈસમાંથી ડખ મોદીની સુરક્ષા વ્યવસ્થા સાથે જોડાયેલા કેટલાક દસ્તાવેજોના સ્ક્રીનશોટ અને

અનુસંધાન પાના ૭ પર

# સ્પાઈસ જેટ દ્વારા ૨૦ ટકા સ્ટાફમાં ઘટાડો કરી દેવાશે

### આર્થિક સંકટના કારણે સીનિયર અધિકારીઓને જાન્યુઆરીથી પગાર મળ્યો નથી

નવી દિલ્હી, તા. ૧૦

દેશની પ્રાઈવેટ એરલાઈન સ્પાઈસજેટ ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી છે. ઓપરેશનલ ક્ષમતા ઘટવા પર કંપનીએ ૨૦% સ્ટાફ ઓછો કરવાનો નિર્ણય કર્યો છે, જેમાં ૫૦૦થી વધુ કર્મચારીઓને પગાર વગર રજા પર મોકલી શકાય છે.

એરલાઈન પાસે ૬,૮૦૦ કર્મચારીઓ છે. તેના ફક્ત ૧૩ વિમાન બચ્યા છે, જેમાં ૧૦ બોઈંગ અને ૩ ઊ૪૦૦ સામેલ છે. આ ઉપરાંત ૧૪ વિમાન વેટ-લીઝ (ક્રૂ સહિત) પર ચાલી રહ્યા છે.

સીનિયર અધિકારીઓને જાન્યુઆરીથી પગાર મળ્યો નથી અને અન્ય કર્મચારીઓની સેલરી ૨-૩ મહિના મોડી મળી રહી છે. કંપની પર ર્જી, ઢજી અને ઌનું ૧૦૦ કરોડથી વધુ બાકી છે. ઢજી એપ્રિલ ૨૦૨૫થી અને ર્જી ૫ મહિનાથી જમા થયું નથી.

અનુસંધાન પાના ૭ પર

# બાંગ્લાદેશમાં ઓરીનો હાહાકાર ૧૦૦થી વધુ બાળકોનાં મોત

### ઓરીના રોગચાળાએ ઉપાડો લેતા સરકારે કટોકટી અભિયાન શરૂ કર્યું

ઢાકા, તા. ૧૦

બાંગ્લાદેશમાં ઓરીનો ખતરનાક રોગચાળો ઝડપથી ફેલાઈ રહ્યો છે, જે હવે ગંભીર સ્વરૂપ લઈ રહ્યો છે. એક મહિના કરતાં પણ ઓછા સમયમાં ૧૦૦ થી વધુ બાળકોના મોત થયા છે, જેના કારણે સમગ્ર દેશમાં વ્યાપક ચિંતા ફેલાઈ છે. પરિસ્થિતિના પ્રતિભાવમાં, સરકારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે મળીને મોટા પાયે કટોકટી રસીકરણ અભિયાન શરૂ કર્યું છે. ૫ એપ્રિલના રોજ, બાંગ્લાદેશ સરકારે યુનિસેફ, વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) અને રસી જોડાણ, Gavi ના સહયોગથી, ઓરી-રૂબેલા રસીકરણ અભિયાન શરૂ કર્યું. આ અભિયાનનો ઉદ્દેશ્ય ૧.૨ મિલિયનથી વધુ રસીકરણ ન પામેલા બાળકોને સુરક્ષિત રાખવાનો છે જેઓ ચેપના ઉચ્ચ જોખમમાં છે. આરોગ્ય પ્રધાન સરદાર મોહમ્મદ સખાવત હુસૈને જણાવ્યું હતું કે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, આરોગ્ય મંત્રાલય પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને ઝડપી પગલાં લઈ રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર, ઓરી એક અત્યંત ચેપી વાયરલ રોગ છે જે હવા દ્વારા ફેલાય છે. માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં ૯૦૦ થી વધુ કેસ નોંધાયા છે, જેના કારણે આરોગ્ય તંત્ર પર દબાણ આવ્યું છે. હાલમાં, આ અભિયાન છ મહિનાથી પાંચ વર્ષની વયના બાળકો પર કેન્દ્રિત છે, ખાસ કરીને ચેપનું જોખમ ધરાવતા વિસ્તારોમાં. બાદમાં, તેને દેશભરમાં વિસ્તૃત કરવાની યોજના છે. બાંગ્લાદેશમાં યુનિસેફના પ્રતિનિધિએ ચેતવણી આપી છે કે નાના અને સંવેદનશીલ બાળકો માટે ઓરી સૌથી ખતરનાક સાબિત થઈ રહ્યો છે. ઘણા બાળકોને હજુ સુધી સંપૂર્ણ રસી આપવામાં આવી નથી અથવા તેમને અધૂરી રસી આપવામાં આવી છે. નવ મહિનાથી ઓછી ઉંમરના શિશુઓ, જેમને હજુ સુધી નિયમિત રસીકરણનો લાભ મળ્યો નથી, તેઓ ચેપનું જોખમ વધારે છે.

# અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ વાર્તા મુદ્દે સસ્પેન્સ

## લેબેનોન પર હુમલા ન અટકે ત્યાં સુધી વાટાઘાટો નહીં થાય :ઈરાન

તહેરાન, તા. ૧૦

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચે ભયાનક યુધ્ધમાં ૪૦માં દિવસે યુધ્ધ વિરામ થયો હતો અને આજથી પાકિસ્તાનમાં શાંતિ વાર્તા શરૂ થવાની જાહેરાત કરવામાં આવી હતી તે પૂર્વે ઈરાન આડુ ફાટ્યું હોય તેમ લેબેનોન પર ઈઝરાયેલના હુમલા ન અટકે ત્યાં સુધી શાંતિ વાર્તા સ્થગિત જ રહેશે. વાટાઘાટો માટે ઈરાની પ્રતિનિધિ મંડળ ઈસ્લામાબાદ પહોંચી ગયું હોવાની વાતને પણ નકારી કાઢવામાં આવી છે.

અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટ પૂર્વે મડાગાંઠ રહી હોય તેમ આજે ઈરાનની સરકારી સમાચાર એજન્સીએ જાહેર કર્યું છે કે ઈરાનનું પ્રતિનિધિ મંડળ વાટાઘાટો માટે પાકિસ્તાન પહોંચ્યાની વાત ખોટી છે. અમેરિકા લેબેનોનમાં યુધ્ધ વિરામ સંબંધીત પોતાની પ્રતિબધ્ધતાનું પાલન ન કરે અને ઈઝરાયેલ હુમલા ન અટકાવે ત્યાં સુધી શાંતિ વાટાઘાટો આગળ નહી વધે. આ સંજોગોમાં પાકિસ્તાનમાં આજથી શરૂ થનારી શાંતિ મંત્રણા મુદ્દે સસ્પેન્શ રહ્યું છે. અમેરિકા તરફથી ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ બેઠકમાં સામેલ થવાની સંભાવના વ્યક્ત થઇ રહી છે. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીને ટાંકીને સરકારી સમાચાર એજન્સીના રીપોર્ટમાં એમ કહેવાયું છે કે ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુ લેબેનોન યુધ્ધમાં સીઝ ફાયરનો વિરોધ કરી રહ્યા છે. કારણ કે એ સંજોગોમાં તેમને જેલ ભેગુ થવું પડે તેમ છે.

અરાઘચીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું કે નેતન્યાહુ સામે અપરાધિક કેસ થોડા દિવસોમાં જ શરુ થવાનો છે. સમગ્ર ક્ષેત્રમાં યુધ્ધ વિરામ થવાના સંજોગોમાં તેમને જેલભેગુ થવાની પ્રક્રિયા તેજ થઇ શકે છે. અમેરિકા સાથેના યુધ્ધ વિરામમાં લેબેનોન પરનું યુધ્ધ અટકાવવાની પણ શરત મુકવામાં આવી હતી છતાં ઈઝરાયેલે છેલ્લા બે દિવસમાં ભયાનક હુમલા કરીને ૨૫૦થી વધુ લોકોના જીવ લીધા છે. આ સંજોગોમાં વાટાઘાટો મુશ્કેલ છે.

### લેબેનોન સાથે યુદ્ધ વિરામ નહીં નેતન્યાહુએ સ્પષ્ટ જાહેરાત કરી

તહેરાન, તા. ૧૦

મધ્ય પૂર્વના યુધ્ધ વિરામ મામલે આજે થનારી શાંતિ વાટાઘાટોમાં સસ્પેન્સ સર્જાયું છે અને લેબેનોન પર હુમલા અટકાવવાની માંગ સાથે ઈરાન આક્રમક વલણ અપનાવવા લાગ્યું છે તેવા સમયે ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ સ્પષ્ટ જાહેરાત કરી છે કે લેબેનોન સાથે યુધ્ધ વિરામનો કોઈ સવાલ જ નથી અને હિઝબુલ્લા પરના હુમલા ચાલુ રાખવામાં આવશે. નેતન્યાહુની આ જાહેરાતના પગલે પાકિસ્તાનમાં આજથી શરુ થનારી અમેરિકા-ઈરાન વચ્ચેની યુધ્ધ વિરામની વાટાઘાટો પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે પણ ઈઝરાયેલને લેબેનોન પર હુમલા રોકવા અને સીઝફાયર કરવા સુચવ્યું હતું. પરંતુ ઈઝરાયેલના વડાપ્રધાન દ્વારા આ વાત ફગાવી દેવામાં આવી છે અને હુમલા ચાલુ રાખવાનું એલાન કરવામાં આવ્યું છે. તે સંજોગોમાં અમેરિકા-ઈરાન વચ્ચેની વાટાઘાટો મામલે પણ સવાલ ઉભા થયા છે.





# સ્કેટ કોલેજમાં રોબોટીક સીસ્ટમ વિષયે વર્કશોપ

## વર્કશોપમાં ૧૦૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સુરત, તા.૧૦

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (SCET), સુરતના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા આયોજિત A.R.E.S (Automated Robotic Explroation System) રોવરનું પ્રદર્શન કાર્યક્રમ ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ કાર્યક્રમ કેમિકલ સેમિનાર હોલ ખાતે બપોરે ૨:૦૦ થી ૪:૦૦ દરમિયાન યોજાયો હતો, જેમાં ૧૦૧ વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્ણ હાજરી નોંધાઈ હતી.

વિદ્યાર્થીઓ દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલ આ રોવરે તેની આધુનિક ટેક્નોલોજી અને નવીન ડિઝાઈન દ્વારા સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. રોવરમાં Rocker-Bogie સસ્પેન્શન સિસ્ટમ, ESP32 IoT આધારિત કંટ્રોલ, હાઈ-ટોર્ક ડ્રાઈવટ્રેન તેમજ વિવિધ સેન્સર્સ દ્વારા સ્વસંચાલિત કામગીરી જેવી વિશેષતાઓ રજૂ કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન "Open to Pitch" સત્ર પણ યોજાયું હતું, જેમાં વિદ્યાર્થીઓએ રોબોટિક્સ અને રોવર ક્ષેત્રે પોતાના સર્જનાત્મક વિચારો રજૂ કર્યા હતા. તેમાંથી પસંદગીના વિચારોને આગળ વધારી પ્રાયોગિક પ્રોજેક્ટ તરીકે વિકસાવવામાં આવશે. આ પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓમાં સંશોધન, નવીનતા અને પ્રયોગાત્મક અભ્યાસ પ્રત્યે રસ વધ્યો છે. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી ટીમ દ્વારા ઉત્તમ રીતે કરવામાં આવ્યું હતું. તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈ-સર્ટિફિકેટ આપવામાં આવ્યા. કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને પ્રેરણાદાયી સાબિત થયો.

# પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્રો માટે એલપીજીની જથ્થાબંધ ફાળવણી લંબાવી

સુરત, તા.૧૦

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય (એમઓપીએનજી)એ પુરવઠાની બદલાતી પરિસ્થિતિઓ વચ્ચે ઔદ્યોગિક વપરાશ માટે લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) સતત અને સ્થિર રીતે ઉપલબ્ધ થતો રહે તેની ખાતરી કરવા માટે એક આદેશ બહાર પાડ્યો છે.

એમઓપીએનજીના સચિવ ડૉ. નીરજ મિત્તલે ભારત સરકારના તમામ સચિવો અને તમામ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, ફાર્મા, ફૂડ પ્રોસેસિંગ, પોલીમર, કૃષિ, પૅકેજિંગ, પેઈન્ટ, સ્ટીલ, મેટલ, સિરામિક, ગ્લાસ, એરોસોલ, ફાઉન્ડ્રી, ફૉર્જિંગ, હેવી વૉટર, યુરેનિયમ અને સીડ સેક્ટર્સના ઔદ્યોગિક એકમોને માર્ચ ૨૦૨૬ પહેલાના તેમના જથ્થાબંધ એલપીજી વપરાશના ૭૦% પ્રાપ્ત થશે, જે પ્રતિદિન ૦.૨ ટીએમટીની એકંદર ક્ષેત્રીય ટોચમર્યાદાને આધીન રહેશે. તે ૧૬થી ૨૭ માર્ચ વચ્ચે થયેલા સંચાર પર આધારિત છે, જેમાં વધારાના ૧૦% પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) સુધારણાના સીમાચિહ્નો સાથે જોડાયેલા છે. આ અભિગમ વૈકલ્પિક ઇંધણના આંતરમાળખાં પર ક્રમિક રીતે પરિવર્તિત થવાને પ્રોત્સાહન આપવાની સાથે એલપીજીના પ્રમાણબદ્ધ વિતરણની ખાતરી કરે છે.

એમઓપીએનજીએ વધુમાં જણાવ્યું હતું કે, જે ઉદ્યોગોની ઉત્પાદનપ્રક્રિયામાં એલપીજી એક મહત્વપૂર્ણ અને બિન-વૈકલ્પિક ઈનપુટ તરીકે ઉપયોગમાં લેવાય છે, તેમને ફાળવણીમાં આંતરિક પ્રાથમિકતા આપવામાં આવશે. આ પ્રકારના ક્ષેત્રો માટે પીએનજી કનેક્ટિવિટી માટે અરજી કરવાની જરૂરિયાત રદ કરવામાં આવી છે, જે નિર્ધારિત શરતોનું પાલન કરવાની સાથે ઔદ્યોગિક કામગીરી પર કોઈ અસર ન થાય તેની ખાતરી કરે છે. મંત્રાલયે જે ઉદ્યોગો ઈંધણ તરીકે એલપીજીનો ઉપયોગ કરે છે અને સમય જતાં પીએનજી પર પરિવર્તિત થઈ શકે છે તથા જે ઉદ્યોગો માટે એલપીજી ઉત્પાદન માટેનું એક અનિવાર્ય ઈનપુટ છે, તે બંને વચ્ચે સ્પષ્ટ તફાવત પણ દર્શાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ બાબતોના કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી બંનેએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક કિંમતોમાં નોંધપાત્ર અસ્થિરતા હોવા છતાં સ્થાનિક સ્તરે એલપીજીનો સ્થિર પુરવઠો ઉપલબ્ધ થતો રહે તેની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. એટલી હદે કે, સરકારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) દ્વારા ખર્ચને ભોગવીને અને સ્થાનિક ઉત્પાદન વધારીને વધતી જતી કિંમતોનું ભારણ પોતે ઉપાડી લેવાનું પસંદ કર્યું છે અને ખર્ચનો સંપૂર્ણ બોજ ગ્રાહક પર લાદ્યો નથી. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પણ નેચરલ ગેસ એન્ડ પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ ડિસ્ટ્રિબ્યુશન (પાઈપલાઈન્સ એન્ડ અધર ફેસિલિટીઝ) ઓર્ડર, ૨૦૨૬ની જોગવાઈઓ તમામ સંબંધિત હિતધારકો સુધી પહોંચાડવા, સુધારા સાથે જોડાયેલા એલપીજીની વધારાની ફાળવણીનો ત્વરિત અમલ કરવા અને ઊર્જા સુલભતા તથા આંતરમાળખાંને મજબૂત કરવાના સરકારના વ્યાપક પ્રયાસોને અનુરૂપ અગાઉ જણાવેલી સીબીજી નીતિના નોટિફિકેશનની પ્રક્રિયાને વેગ આપવાની સલાહ આપવામાં આવી છે. ભારત તેની જરૂરિયાતના ૬૦% એલપીજીની આયાત કરે છે અને તેમાંથી લગભગ ૯૦% સામાન્ય રીતે હોર્મુઝમાંથી પસાર થાય છે. જ્યારે આ માર્ગ તણાવ હેઠળ આવ્યો ત્યારે માસિક આયાત ફેબ્રુઆરીમાં ૨.૦૪ મિલિયન ટનથી ઘટીને માર્ચમાં ૧.૧૨ મિલિયન ટન થઈ ગઈ, જે ૩૦ દિવસમાં ૪૫%નો ઘટાડો દર્શાવે છે.

# પાડોશીની સતત હેરાનગતિથી પીડિતાને ૧૮૧ અભયમ ટીમની તાત્કાલિક મદદ

### અભયમ ટીમે પીડિતાને હેરાનગતિમાંથી છૂટકારો અપાવ્યો

સુરત, તા.૧૦

શહેરના નવાગામ ડીંડોલી વિસ્તારમાં રહેતી વિધવા પીડિતાને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા તાત્કાલિક મદદ મળતા પાડોશી દ્વારા થતી સતત હેરાનગતિમાંથી છુટકારો મળતા રાહત થઈ હતી.

પીડિતાના જણાવ્યા મુજબ પાડોશમાં રહેતી એક મહિલા દ્વારા વારંવાર અપશબ્દો બોલી ઝઘડો કરવો, તેમના ઘર ઉપરથી કચરો ઠાલવવો, ચારિત્ર્ય અંગે અયોગ્ય ટિપ્પણીઓ કરી બદનામ કરવાનો પ્રયાસ કરવો તેમજ તેમના પુત્રની બાઈક નજીક ગંદુ પાણી રેડી ગંદકી ફેલાવવી જેવી હરકતો કરી માનસિક હેરાનગતિ કરવામાં આવતી હતી. ઉપરાંત, બાઈક તોડી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી ૧૮૧ અભયમ ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી બંને પક્ષો સાથે વાતચીત કરી હતી. ખાસ કરીને પાડોશી મહિલાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. તેમને પીડિત મહિલા સાથે ઝઘડો ન કરવા, અપશબ્દો ન બોલવા અને ચારિત્ર્ય અંગે કોઈપણ પ્રકારની અયોગ્ય ટિપ્પણી ન કરવા સમજાવવામાં આવ્યું હતું. કાઉન્સેલિંગ બાદ પાડોશી મહિલાએ પોતાની ભૂલ સ્વીકારી પીડિત મહિલાની માફી માંગી હતી તથા ભવિષ્યમાં આવી હેરાનગતિ નહીં કરે તેવી ખાતરી આપી હતી. ત્યારબાદ અભયમ ટીમે પીડિત મહિલાને યોગ્ય માર્ગદર્શન અને કાયદાકીય માહિતી પૂરી પાડી હતી. સમસ્યાનું સમાધાન થતા પીડિત મહિલાએ અભયમ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ફરિયાદીને ૧.03 લાખ ચૂકવી દેવા ગ્રાહક કોર્ટનો આદેશ

### હાડમારી અને હેરાનગતિ અંગે પણ કોર્ટે વળતર આપ્યું

સુરત, તા.૧૦

સુરતની ગ્રાહક અદાલતમાં ફરિયાદી દ્વારા એડવોકેટ મોના પંડ્યા દ્વારા દાખલ કરાયેલા કેસમાં ફરીયાદીની સદર ગ્રાહક ફરીયાદ નંબરઃ CC/૮૫૮/૨૦૨૩ અંશતઃ મંજુર કરવામાં આવે છે, અને સામાવાળાઓને એવો હુકમ કરવામાં આવે છે કે, સામાવાળાઓએ ફરીયાદીને રૂા. ૧,૦૩,૨૯૧/- (અંકે રૂપિયા એક લાખ ત્રણ હજાર બસો એકાણુ પુરા) અરજી કર્યાની તારીખ એટલે કે, તા.૧૧/૧૦/૨૦૨૩ થી રકમ વસુલ થાય ત્યાં સુધી વાર્ષિક ૯% (નવ ટકા) ના સાદા વ્યાજ સહીત સંયુકત અથવા વિભકત રીતે હુકમની તારીખથી દિન-૩૦ માં બારોબાર એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવા. સામાવાળાઓએ ફરીયાદીને થયેલ માનસિક ત્રાસ-આઘાત, હાડમારી અને હેરાનગતિના વળતર પેટે રૂા.૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) તેમજ ફરીયાદ ખર્ચના રૂા.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) સંયુકત અથવા વિભકત રીતે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. સામાવાળાઓએ પોતાનો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે તેમ કોર્ટે હુકમ સંભળાવ્યો હતો.



# ચેમ્બર ઓફ કોમર્સના સભ્યોની પોલીસ કંટ્રોલ રૂમની મુલાકાતે

### ટ્રાફિક મોનિટરિંગની જાણકારી પ્રાપ્ત કરી

સુરત, તા.૧૦

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સભ્યોએ મંગળવાર, તા. ૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ટ્રાફિક નિયમોની જાણકારી મેળવવાના હેતુથી સુરત પોલીસ કન્ટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી. સુરતના પોલીસ અધિકારીઓએ ચેમ્બરના સભ્યોને પોલીસ કંટ્રોલ રૂમની કાર્યપદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે ખાસ કરીને વેરી હાય ફ્રિકવન્સી કોમ્યુનિકેશન સિસ્ટમ વિશે સમજાવતા જણાવ્યું કે, પોલીસ વિભાગ વચ્ચે તાત્કાલિક અને અસરકારક સંચાર માટે આ ટેકનોલોજી અત્યંત મહત્વપૂર્ણ છે.

પોલીસ અધિકારીઓએ દેશવ્યાપી આપાતકાલીન સેવા નંબર ૧૧૨ વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. આ નંબર પર કોલ કરવાથી નાગરિકોને પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ (મેડિકલ) જેવી તાત્કાલિક સેવાઓ ઝડપથી ઉપલબ્ધ થાય છે તે સમજાવવામાં આવ્યું હતું. સભ્યોને કંટ્રોલ રૂમમાં સ્થાપિત આધુનિક સીસીટીવી કેમેરા નેટવર્ક પણ દર્શાવવામાં આવ્યું હતું. ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકોને કેમેરાની મદદથી કેવી રીતે ઓળખી ઇ–ચલણ આપવામાં આવે છે તેની પ્રેક્ટિકલ પ્રક્રિયા સમજાવવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક અવેરનેસ એન્ડ એજ્યુકેશન કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલાના નેજા હેઠળ યોજાયેલી આ મુલાકાત સભ્યો માટે ખૂબ જ માહિતીસભર અને જાગૃતિ લાવનારી સાબિત થઈ હતી. સભ્યોએ પોલીસ વિભાગની ટેકનોલોજી આધારિત કામગીરી અને નાગરિક સુરક્ષા માટેના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. પોલીસની કામગીરી અને ટ્રાફિક નિયમન વ્યવસ્થાને જાણવાની ઈચ્છા ધરાવતા એનજીઓ, સામાજિક સંસ્થાઓ તેમજ રસ ધરાવતા નાગરિકો ચેમ્બર ઓફ કોમર્સનો સંપર્ક સાધી શકે છે. ચેમ્બર દ્વારા તેઓ માટે પોલીસ કન્ટ્રોલ રૂમની મુલાકાતનું આયોજન કરવામાં આવશે, જેથી કરીને તેઓ પોલીસ વિભાગની કાર્યપદ્ધતિ, તાત્કાલિક પ્રતિસાદ વ્યવસ્થા અને ટેકનોલોજી આધારિત સેવાઓ અંગે વિસ્તૃત માહિતી મેળવી શકશે.

# પુત્રવધુના ખૂનના કેસમાં સાસુ, સસરા તથા સંબંધીને વ્યારા કોર્ટે નિર્દોષ ઠરાવ્યા

### સેશન્સ કોર્ટ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી દીધા

સુરત, તા.૧૦

તાપી જિલ્લાના વ્યારા નગરમાં વર્ષ ૨૦૨૩ માં હત્યાના ગુનામાં સાસુ,સસરા તથા સંબંધી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.જેમાં હાલમાં તાપી જિલ્લા સેશન્સ કોર્ટ દ્વારા મહત્વનો હુકુમ કરવામાં આવેલ છે.તાપી જિલ્લાના વ્યારામાં આવેલ વૃંદાવન ધામ સોસાયટીમાં સાસુ સસરા તથા સંબંધી દ્વારા પુત્રવધુનું મોઢું દબાવી હત્યા કરી નાખવાના મામલે ૨૦૨૩ ના વર્ષમાં વ્યારા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જે કેસ વ્યારાના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રી ટી. આર. દેસાઈ સાહેબની કોર્ટમાં ચાલી જતા ત્રણેય આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. આરોપી નંબર એક સાસુ સુનંદાબેન તરફે લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલ LADCના ચીફ શ્રી નિલેશ જે. પટેલ દ્વારા ધારદાર દલીલ કરવામાં આવેલ તથા અન્ય બે આરોપીઓ તરફે ખાનગી વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી. સમગ્ર ટ્રાયલ અંડર ટ્રાયલ ચાલી હતી. આરોપી નંબર એક તરફે બચાવ પક્ષના વકીલ નિલેશ જે. પટેલની દલીલો તથા અન્ય બે આરોપીઓના ખાનગી વકીલની દલીલ સેશન્સ કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરેલ છે.

# ગુજરાતમાં પ્રથમ વખત અંકલેશ્વરમાં પોલીસકર્મીઓને માર્શલ આર્ટ્સની ટ્રેનિંગ

### આઈજી સંદીપ સિંહ સમક્ષ ડેમોસ્ટ્રેશન રજૂ કરાયું



અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર ડિવિઝનમાં વડોદરા રેન્જના આઈ.જી. સંદીપ સિંહ દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનોનું વાર્ષિક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન પોલીસની કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.આઈ.જી. સંદીપ સિંહે પોલીસ સ્ટેશનોમાં આવેલ અરજદારો સાથે સીધી મુલાકાત કરી તેમની પાસેથી કામગીરી અંગે ફીડબેક મેળવ્યો હતો. આ સાથે જ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને મતદાન અને મતગણતરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિકારીઓ સાથે વિશેષ બેઠક યોજાઈ હતી.આ પ્રસંગે અંકલેશ્વરમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત પોલીસકર્મીઓને આપવામાં આવેલી માર્સલ આર્ટ્સ ટ્રેનિંગનું ડેમોસ્ટ્રેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું, જેને હાજર અધિકારીઓએ પ્રશંસા કરી હતી.આ ટ્રેનીંગને કલારીપયટ્ટુ તરીકે ઓળખવામાં આવે છે જે ભારતની સૌથી જૂની અને કેરળની

અનુસંધાન પાના ૭ પર

# સુરતી મોઢ વણિક નાનપુરા પંચનો ૧૩૦ મો ચૈત્રી હવન

સુરત, તા.૧૦



સુરતી મોઢ વણિક જિલ્લે નાનપુરા પંચ નો નાનપુરા જમરૂખ ગલી વૃદ્ધાશ્રમ ખાતે પવિત્ર ચૈત્ર માસ માં ૧૩૦ મો ચૈત્રી હવન યોજવામાં આવેલ.જેમાં વડીલો સહિત ૫૦૦ થી વધુ માઈ ભક્તો એ પૂજા ,હવન નો લાભ લઈ મહા પ્રસાદી લઈ ધન્યતા અનુભવી. હવન મા મુખ્ય યજમાન તરીકે નિશીલ તથા કુટુંબીજનો ઉપસ્થિત રહ્યા હતા.હવન માં પંચના પ્રમુખ મનહરભાઈ લાપસીવાળા ઉપપ્રમુખ શ્રીવાસભાઈ ઘીવાળા , ખજાનચી જયંતિભાઈ લાપસીવાલા, મંત્રી ઈન્દ્રવદન ખાટીવાળા, નરેન્દ્ર નાણાવટી, હિતવર્ધક મંડળ ના પ્રમુખ હસમુખભાઈ લાલવાલા , સુ.પી.કો.ઓ.બેંક ના ડિરેક્ટર રોહિત મેહતા,આશિષ તમાકુવાળા ,સમીર બોડાવાળા, કેતન મોદી,મયંક ગાંધી,પૂ.પ્રમુખ મુકેશ ગજ્જર,અતિથિ વિશેષ સાર્વજનિક ટ્રસ્ટ ના ત.પૂ.પ્રમુખ અરવિંદભાઈ મેહતા, દિલીપ ચશ્માવાળા, મિતેશ મોદી, સાર્વજનિક ટ્રસ્ટ ના ખજાનચી ભૂપેન્દ્ર હલવાવાળા, સહિત અગ્રણીઓ હાજર રહી મા ના આશીર્વાદ લીધેલ.

# માંગરોળ ટીપીઓ મોસાલી પ્રાથમિક શાળાની મુલાકાતે



સુરત, તા.૧૦

વાર્ષિક પરીક્ષા અંતર્ગત માંગરોલ ટીપીઓ પિયુષ ગામીત મોસાલી પ્રાથમિક શાળાની મુલાકાતે સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૫ ની વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે માંગરોળનાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પિયુષ ગામીતે મોસાલી પ્રાથમિક શાળામાં પરીક્ષાખંડની મુલાકાત લઈ પરીક્ષા આપી રહેલ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમની સાથે સી.આર.સી. કો-ઓર્ડિનેટર નીલમ ગામીત પણ જોડાયા હતાં.

# યુપીએલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થિઓનો સન્માન સમારોહ

### વિન્ટર પરિક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન

અંકલેશ્વર, તા.૧૦

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજીએ ૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ તેના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને સન્માનિત કરવા માટે તેના પ્રતિષ્ઠિત શૈક્ષણિક પુરસ્કાર સમારોહ, "અભ્યુત્થાન-૨૦૨૬" નું આયોજન કર્યું હતું. આ સમારોહમાં બેચલર ઓફ એન્જિનિયરિંગ, માસ્ટર ઓફ એન્જિનિયરિંગ, બેચલર ઓફ સાયન્સ અને માસ્ટર ઓફ સાયન્સ પ્રોગ્રામના વિદ્યાર્થીઓએ વિન્ટર-૨૦૨૫ ની પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કેમિકલ એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ, કમ્પ્યુટર એન્જિનિયરિંગ, પર્યાવરણીય એન્જિનિયરિંગ, માહિતી ટેકનોલોજી, રસાયણશાસ્ત્ર, માઈક્રોબાયોલોજી અને પર્યાવરણીય વિજ્ઞાન સવારના સત્રમાં રોટરી ક્લબ, અંકલેશ્વરના પ્રમુખ શ્રી પંકજ ભરવાડા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે બપોરના સત્રની અધ્યક્ષતા હિન્દુસ્તાન બેકલાઈટના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આર. ડી. માનેએ કરી હતી. કાર્યક્રમમાં રોટરી ક્લબ, અંકલેશ્વરના સચિવ શ્રી વિપિન નાયર; યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત વાઘ; ડીનશ્રીઓ ડૉ. ઓમપ્રકાશ મહાડ્વાડ; ડીન ડૉ. આલોક ગૌતમ ડૉ. સ્નેહલ લોખંડવાલા, કુલસચિવ ધર્મેશ પટેલ તથા અન્ય વિભાગના વડાઓ, ફેકલ્ટી સભ્યો, સ્ટાફ સભ્યો, વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા. સમારંભ દરમિયાન કુલ ૪૨૫ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પુરસ્કાર વિજેતાઓને ?૧,૨૫,૦૦૦ ની ઈનામ રકમ સાથે પ્રમાણપત્રો પ્રાપ્ત થયા હતા. તેમાંથી ૧૭ વિદ્યાર્થીઓએ સંપૂર્ણ ૧૦ એસ પી. આઇ . પ્રાપ્ત કર્યો હતો, જ્યારે પાંચ વિદ્યાર્થીઓને તેમના અસરહાનીય શૈક્ષણિક પ્રદર્શન માટે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.





# પેન્શનરોએ બેંક શાખામાં વાર્ષિક હયાતીની ખરાઈ કરાવી લેવા સૂચના

### પેન્શનર રૂબરૂમાં કે www.jeevanpramaan.gov.in વેબસાઈટ દ્વારા ઓનલાઈન પણ હયાતીની ખરાઈ કરી શકાશે

સુરત, તા.૧૦

સુરતની પેન્શન ચુકવણા કચેરી તથા તાબાની પેટા તિજોરી કચેરીઓમાંથી IRLA યોજના હેઠળ(બેંક મારફત) રાજય તથા કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોએ પોતાની વાર્ષિક હયાતીની ખરાઈ તિજોરી કચેરી સાથે સંલગ્ન બેંક શાખામાં જ તા.૦૧/૦૫/૨૦૨૬ થી તા.૩૧/૦૭/૨૦૨૬ સુધીમાં કરાવવી. તા.૩૧/૦૭/૨૦૨૬ સુધીમાં જે પેન્શનરોના હયાતીના ફોર્મ અત્રેની કચેરીને મળશે નહીં તેવા પેન્શનરોનું ઓગષ્ટ-૨૦૨૬ પેઈડ ઈન સપ્ટેમ્બર-૨૦૨૬થી પેન્શન બંધ કરવામાં આવશે.

પેન્શનર www.jeevanpramaan.gov.in વેબસાઈટ પર હયાતીની ખરાઈ ઓનલાઈન પણ કરાવી શકશે. તેમજ પોસ્ટ વિભાગ દ્વારા પેન્શનરશ્રીઓની ઘર બેઠા વિના મુલ્યે ઓનલાઈન આધારબેઝ હયાતી કરી શકાશે. જે માટે પેન્શનરે પોસ્ટ વિભાગના કર્મચારીનો સંપર્ક કરવાનો રહેશે. આધારબેઝ હયાતી માટે પેન્શન ચુકવણા હુકમ(પીપીઓ) અને આધારકાર્ડમાં નામ મળતુ હોવું જરૂરી છે. જે પેન્શનરોએ આધારકાર્ડ તથા પાનકાર્ડ આપેલ નથી તેવા પેન્શનરોએ આધાર કાર્ડ તથા પાન કાર્ડ હયાતીના ફોર્મ સાથે અચુક શામેલ કરવા.

વિદેશમાં રહેતા પેન્શનરોએ ફોટા સહિત, બેંક/શાખા, પીપીઓ નંબર, ખાતા નંબર લખીને નોટરી પાસે તેઓની હયાતી કરાવવાની રહેશે. અત્રેની કચેરીની પૂર્વ મંજુરી વિના જે પેન્શનરોએ તેઓની બેંકની શાખા બદલેલ હશે તેવા પેન્શનરોની હયાતીની ખરાઈ કરવામાં આવશે નહી, જેની દરેક પેન્શનરોએ નોંધ લેવી. પેન્શનરોએ અત્રેની

અનુસંધાન પાના ૭ પર

# ચંદનની સુવાસ સાથે સદ્ગુણ માણો



ટીનેજર્સને ખીલની સમસ્યા ઉભી થવી એક સામાન્ય બાબત છે. ઘણા ઓછાં કિશોરકિશોરીઓ એવાં હોય છે, જેમને ખીલની સમસ્યા ઉભી ન થઈ હોય. જેમને ખીલની સમસ્યા છે તેમને ચંદન લેપનો ઉપયોગ ખીલથી છુટકારો અપાવી શકે છે. ચંદનમાં એન્ટિબાયોટિક તત્વ હોય છે, જે ત્વચાને કોઈપણ પ્રકારના વિષાણુઓથી મુક્ત કરાવે છે. કોઈપણ પ્રકારની ફોલ્લી-ફોલ્લા, જખમ વગેરેને ચંદનના નિયમિત ઉપયોગથી દૂર કરી શકાય છે. ખીલ દૂર થઈ ગયા પછી ચહેરા પર કોઈપણ પ્રકારના ડાઘને પણ ચંદનના લેપથી દૂર કરી શકાય છે. ચંદનનો લેપ ખીલમાં અક્સીર ઈલાજ તો છે જ, બલકે ત્વચાને નિર્મળ કરીને સ્નિગ્ધ બનાવે છે. ૧ ચમચી ચંદન પાઉડરમાં અડધી ચમચી હળદર પાઉડર મિશ્ર કરીને પેસ્ટ બનાવીને ચહેરા ઉપર ૨૦ મિનિટ લગાવી રાખવાથી માત્ર ખીલ જ ઓછા નથી થતા, તમારો ચહેરો પણ ખીલી ઉઠે છે. યોગ્ય માત્રામાં ચંદન પાઉડર અને હળદર મિશ્ર કરીને થોડા દુધમાં પેસ્ટ બનાવો, પેસ્ટમાં ચપટી કપૂર પણ ઉમેરો. આ લેપ લગાવીને ચહેરા ઉપર માલિશ કર્યા પછી આખી રાત રહેવા દો. તેનાથી તેમને ઠંડકના અહેસાસ સાથે ચહેરાના ડાઘ દૂર થવાનો લાભ પણ મળશે.

સમાન માત્રામાં ચંદન પાઉડર, હળદર અને લીંબુનો રસ મિક્સ કરીને ચહેરા ઉપર લગાવો. અડધા કલાક પછી ઠંડા પાણીથી ધોઈ લો. તેનાથી તમારી ત્વચા કોમળ અને ડાઘ રહિત બનશે. ચંદન પાઉડર અને ગુલાબજળની પેસ્ટ બનાવીને નિયમિત લગાવવાથી તૈલી ત્વચા હોય તો ખીલ થવાનો હય નહીં રહે. આ સિવાય ચંદન પાઉડરમાં કાળા ચણાનો પાઉડર સરખી માત્રામાં મિક્સ કરીને દૂધ કે ગુલાબજળ સાથે મિક્સ કરીને ચહેરા ઉપર લગાવીને આખી રાત રાખવાથી તમે ખીલને હંમેશા માટે બાય-બાય કહી શકશો.

કોઈ આડઅસર નથી પ્રાચીન સમયથી ચંદનનો ઉપયોગ થતો આવ્યો છે. મુખ્યત્વે આયુર્વેદમાં ચંદનનો ખૂબ ઉપયોગ કરવામાં આવ્યો છે. કોઈપણ પ્રકારના ઘા, ફોલ્લાફોલ્લી, કપાવા કે છોલાઈ થયા પછી ચંદનનો લેપ કરવાથી ઘણી રાહત મળે છે. ચંદન ઘણું કિંમતી વૃક્ષ છે, જે દક્ષિણ ભારતમાં મોટાપાયે જોવા મળે છે. ચંદનની પીઠી લગ્ન પહેલાં નવોઢા લગાવે છે જેથી તેના ચહેરા અને કાયાની ચમક જળવાઈ રહે. તે એક કુદરતી વસ્તુ છે, તેથી તેના નિયમિત ઉપયોગથી કોઈપણ પ્રકારની

## ચંદનની ખૂબીઓ


- ચંદનમાં જંતુનાશક વિશેષતા હોવાના લીધે તે હર્બલ એન્ટિસેપ્ટિક છે, એટલે કોઈપણ પ્રકારના ઘા અને છોલાઈ ગયાના નિશાનને દૂર કરી શકે છે. દાઝી ગયા પછી ઘા ઉપર લગાવવાથી રૂઝ આવે છે.
- શરીરના કોઈપણ ભાગ ઉપર ખંજવાળ આવે તો ચંદન પાઉડરમાં હળદર અને એક ચમચી લીંબુનો રસ મિક્સ કરીને લગાવવાથી ખંજવાળ તો દૂર થાય જ છે, સાથે ત્વચાની લાલાશ પણ ઓછી થશે.
- ચંદનનું તેલ શુષ્ક ત્વચા માટે ગુણકારી હોય છે, તે શુષ્ક ત્વચાને સોફ્ટ બનાવે છે. ● જો માંકડ કે મચ્છર કરડ્યાં હોય તો ખંજવાળ અને સોજાને ચંદનનો લેપ લગાવીને ઘટાડી શકાય છે. ● શરીરના કોઈ ભાગનો રંગ જો કાળો પડી ગયો હોય તો ૫ ચમચી નાળિયેર તેલ સાથે ૨ ચમચી બદામ તેલ અને ૪ ચમચી ચંદન પાઉડર મિક્સ કરીને તેને ખુલ્લા ભાગ ઉપર લગાવો. તેનાથી કાળાશ તો દૂર થશે જ, ફરીથી ત્વચા કાળી નહીં પડે.
- લગ્ન પહેલાં નવોઢા જ્યારે પીઠી લગાવે ત્યારે હળદરમાં ચંદન મેળવીને લગાવવાથી ત્વચા ચમકી ઉઠશે.
- જો કોઈને વધારે પરસેવો થતો હોય તો ચંદન પાઉડરમાં પાણી ઉમેરીને શરીર ઉપર લગાવવાથી પરસેવો ઓછો થશે. માત્ર એટલું જ નહી, ચંદનનો કોઈપણ રીતે ઉપયોગ લાભદાયી છે, પછી તે સાબુ, તેલ અથવા પાઉડર કોઈપણ રૂપે હોય. ચંદન શરીરની ક્રિયાનું સંતુલન જાળવે છે. પાચનક્રિયા સુધારે છે, તેસાથે શ્વાસની ક્રિયા અને સ્નાયુતંત્રને મજબૂત બનાવે છે.

# સ્માર્ટફોનની લત ઊંઘ ઉડાડી દે છે ?

ફોનના લીધે વિશ્વમાં કરોડો લોકો અનિંદ્રા નો શિકાર બન્યા મોબાઈલ ફોનના કારણે ઘણા કામ સરળ થઈ ચૂક્યા છે. એકંદરે એમ કહી શકાય કે આખું વિશ્વ મોબાઈલમાં સમાઈ ગયું છે. જોકે મોબાઈલે કેટલીક સમસ્યાઓ પણ ઉભી કરી છે. ખાસ કરીને જીવનશૈલી ઉપર મોબાઈલની નકારાત્મક અસર પડી છે. અનિંદ્રાની તકલીફ જીવનશૈલી સાથે જોડાયેલી છે.

વિશ્વમાં કરોડો લોકો અનિંદ્રાનો શિકાર બન્યા છે. અનિંદ્રા પાછળ મોબાઈલ ફોનનો ફાળો પણ ખૂબ મોટો છે. આ વાત મનોચિકિત્સક સાથે સંબંધિત એક અભ્યાસમાં સામે આવી હતી. આ અભ્યાસ લંડનના કિંગ્સ કોલેજના ૧૮થી ૩૦ વર્ષના ૧૦૪૩ વિદ્યાર્થીઓ ઉપર થયો હતો. અભ્યાસના અંતે ફલિત થયું કે યુનિવર્સિટીના ૪૦ ટકા છાત્રો સ્માર્ટફોનની લતનો શિકાર બની ચૂક્યા છે. અધ્યયનમાં કેટલાક ચોંકાવનારા તારણો સામે આવ્યા હતા. જે વિદ્યાર્થીઓ સ્માર્ટફોનનો વધુ ઉપયોગ કરતા હતા અને તેમની ઉંઘમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. ઉપરાંત રાત્રે સ્માર્ટફોનનો વધુ પડતો ઉપયોગ કરવાથી ઉંઘમાં ખલેલ, ઓછી ઉંઘ અને દિવસ દરમિયાન થાકનો અનુભવ સહિતની તકલીફ ઉભી થાય છે. સુવાના સમયે સ્માર્ટફોનનો ઉપયોગ કરવાથી શરીરની જૈવિક ઘડિયાળ (બાયોલોજીકલ ક્લોક) પર અસર થાય છે. શરીર પર ગંભીર રીતે અસર કરતા સ્માર્ટફોનની લતથી છુટકારો કેવી રીતે મેળવવો તેના કેટલાક ઉપાયો અહીં આપ્યા છે. વર્તમાન સમયે ઘણા લોકો પોતાની જાતને મોબાઈલથી દૂર રાખવાનો પ્રયત્ન કરે છે. એક દિવસ અથવા એક સપ્તાહ સુધી લોકો સ્માર્ટફોનથી દુર રહેવા લાગ્યા છે. અઠવાડિયામાં એક દિવસ મોબાઈલથી સદંતર દૂર રહેવું જોઈએ. હવે તો દરેક સમસ્યા માટે એપ ઉપલબ્ધ છે. સ્માર્ટફોન છોડાવવા માટે પણ એપ ઉપયોગી છે. અહીં આવી જ કેટલીક એપની યાદી આપી છે, જે તમને સ્માર્ટફોનથી દૂર રાખશે. આ એપ દ્વારા સ્માર્ટફોનની લત દૂર કરવા સફળતા મળી શકે છે. આ સાથે તમે સ્માર્ટફોનની લત છોડવાની પ્રક્રિયાની પ્રોગ્રેસ પણ ચેક કરી શકો છો. સ્માર્ટફોન વાપરવા માટેની આદતો ઓછી કરવા માટેની આ ખૂબ સુંદર એપ છે. એપથી તમારી ઉત્પાદકતા પણ વધે છે. આ એપથી દરરોજ ધીમે-ધીમે ફોનથી દૂર રહેવાની આદત પડશે. જેનાથી ફોનનો ઉચિત ઉપયોગ કઈ રીતે થઈ શકે તે અંગે મદદ મળશે. અન્ય કામમાં ધ્યાન કેન્દ્રિત રહે તે માટે મન ચંચળ કરનારા એપ્સને આ લોક કરી દેશે. ફોનને ચાર્જ કરવા માટે બેડરૂમમાં ક્યારેય ન મુકશો. બાળકોને આવી રીતે ફોન ચાર્જ ન કરવાની શિખામણ આપો. ફોન બેડરૂમની બહાર રાખવાથી ફોનના વારંવાર ઉપયોગની કુટેવથી બચી શકાય છે. સ્માર્ટફોનનો વપરાશ ઘટાડવા માટે તમે ફોનના સેટિંગ્સ બદલવા માટેની કેટલીક યુક્તિઓનો ઉપયોગ કરી શકો છો. ક્રિસ્ટોફર મિમ્સએ વોલ સ્ટ્રીટ જર્નલમાં એક કોલમ લખી હતી. જે મુજબ જીવનનું સંતુલન બનાવવા માટે સેલફોનથી દૂર રહેવું જોઈએ. ફોનથી દુર રહેવા માટે તેને રસોડાની છાજલીઓમાં મૂકી શકો છો.

ફોનના ઉપયોગ ઉપર તમારું જેટલું નિયંત્રણ હશે તેટલું જ તમે તેને નજરઅંદાજ કરી શકો છો. સ્માર્ટફોનના ઉપયોગ ઉપર કાબુ મેળવવા ૩૦ દિવસ સુધી પોતાની જાતને જેમ બને તેમ સ્માર્ટફોનથી દુર રાખવાનો પ્રયાસ કરો. પોતાની માટે વધુને વધુ સમય ફાળવો.



# દરેક સાસુ વહુને દીકરીની જેમ રાખે તો...


નવી વહુ ઘરમાં આવે એટલે ઘરમાં આનંદનું વાતાવરણ છવાઈ જાય. વહુ જ્યારે નવા ઘરમાં આવે છે, ત્યારે બધાં તેને ખૂબ લાડકોડથી રાખે છે. વહુ પણ ઈચ્છે છે કે તે પોતાના વ્યવહારથી ઘરનાં બધાંનું મન જીતી લે. તે સાસરીની રીતભાત શીખવાનો પ્રયત્ન કરે છે અને ઘરકામમાં પણ મદદ કરે છે, પરંતુ ઘણીવાર અજાણતાં જ તેનાથી કેટલીક ભૂલો થઈ જાય છે, કેમ કે ઘર ચલાવવા માટે જરૂરી હોય એવા બાંધકામ એ પિયરમાં શીખી હોતી નથી. આવા સમગે ઘરનાં સભ્યોની ખાસ કરીને સાસુની ફરજ બનેછે કે નવી વહુને પ્રેમથી પોતાના ઘરની રીતભાત અને કામકાજ વિશે સમજાવે, કેમ કે તે તો આ ઘરના રીતરિવાજથી અકદમ અજાણ હોય છે, એટલે ધીરે ધીરે એને તમારા ઘરનાં વાતાવરણને અનુરૂપ બનાવો. કોઈવાર સાસુ વહુને પોતાની હરીફ સમજવા લાગે છે, ત્યારે વહુને સાસરાની કઠોર હકીકતનો સામનો કરવાનો આવે છે. જેથી ઘરનું વાતાવરણ તંગ થઈ જાય છે. સાસુ વહુના દરેક કામમાં કંઈને કંઈ ઉણપ કાઢ્યા કરે છે. વહુને નીચી દેખાડવા માટે એના વિશે કોઈ કંઈ પૂછે તો એમ જ કહે છે કે, "કામકાજમાં તો મીંડુ છે, કોણ જાણે પિયરમાં મા-બાપેશું શિખવાડ્યું હશે?" આવી સાસુઓ એ ભૂલી જાય છે કે કોઈપણ છોકરીને પોતાનું ઘર અને કુટુંબ છોડતી વખતે કેટલી માનસિક અને શારીરિક પરેશાની થતી હોય છે. આવા વખતે તેને સધિયારો અને પ્રેમની હૂંફ આપવાને બદલે તેના દરેક કામમાં ખામી કાઢવામાં આવે છે. આમ પણ આપણા સમાજમાં એવી માન્યતા છે કે દીકરાની વહુ ઘરમાં આવતાં જ એને ઘરની બધી જવાબદારીઓ સોંપી દો. વહુ જો એ જવાબદારીઓ સારી રીતે ન નિભાવી શકે, તો એના દરેક કામમાં ખામી કાઢો અને જો તે બધાં જ કામ કરી રીતે પૂરા કરી શકતી હોય તો એને જબરી કહીને વગોવો. અમુક સાસુઓને તો ખુશ રહેવું ગમતું જ નથી. વહુના કામમાં જ્યાં સુધી કોઈ ખોડખાંપણ ન કાઢે, ત્યાં સુધી એમને ખાવાનું પચતું નથી. માની લઈએ કે તમારી વહુને ઘરના કામકાજમાં જોઈએ એવી ફાવટ ન હોય, પરંતુ એ વાત પણ વિચારોને કે લગ્ન પહેલાં તે ભણવામાં એટલી બધી રોકાયેલી હતી કે ઘરનાં કામકાજ શીખી શકી નથી. ભણવાનું પુરૂં થતાં જ તેના લગ્ન કરી દેવાયા છે. હવે સાસુની એ ફરજ બને છે કે પોતાની વહુને ઘરકામમાં કુશળ બનાવે, તેના કામમાં ખામીઓ ન શોધતી ફરે. આમેય બધા જ કંઈ દરેક કામમાં નિપૂણ નથી હોતા. જો વહુ ભણેલી ગણેલી અને યોગ્ય હોય તો એની આવી કોઈ એક ખામીનો સ્વીકાર કરી લેવો જોઈએ, કેમ કે એની આ ખામી તો સાસુ પણ સુધારી શકે છે. અંકિતાના લગ્નને હજી ચાર મહિના જ થયા હતા. અને બે મહિના પછી એના પતિની અમદાવાદથી બહાર બદલી થવાની હતી. અંકિતાને પણ સાથે જવાનું હતું, પરંતુ એને હજી રસોઈ અને ઘરકામનો પૂરતો અનુભવ નહોતો, એટલે બિચારી અકળાતી હતી. એણે એની સાસુને કહ્યું, "બા, મારે તમારી રસોઈ જેવી રસોઈ બનાવતા અને ઘર સંભાળતા શીખવું છે." સાસુમાં તો આ સાંભળી ખુશ થઈ ગયાં અને તેમણે બે મહિનામાં તો અંકિતાને બધાં જ કામકાજમાં પારંગત કરી દીધી. મા-દીકરી જેવો સંબંધ રાખો નવોઢા નવા ઘરના વાતાવરણથી અજાણ હોય છે. ઘરના રિવાજ, રીતભાત અને વ્યવહારથી પણ તે એકદમ અજાણ હોય છે. એવામાં સાસુ જ ઘરમાં એક એવી વ્યક્તિ હોય છે, જે એને એ વાતાવરણને અનુકૂળ થવામાં મદદ કરી શકે, પરંતુ આવું ત્યારે જ બની શકે, જ્યારે તે વહુ સાથે સાસુ નહી પરંતુ એક મા જેવો વ્યવહાર કરે. એને વહુ નહી પરંતુ પોતાની દીકરી જ ગણે. સાસુએ પ્રેમાળ માનું રૂપ ધારણ કરવું જોઈએ. વહુનો ઘરકામ કરવામાં ઉત્સાહ ત્યારે જ જળવાશે, જ્યારે સાસુ તેના કામમાં ભૂલો ન કાઢે. એની નાની નાની ભૂલો માફ કરીને તેમને સુધારવાનો પ્રયત્ન કરે. એક સ્ત્રી હોવાથી તે વહુની માનસિક સ્થિતિને સારી રીતે સમજી શકે છે. મારી એક બહેનપણી છે સરલા. એણે હમણાં જ એના દીકરાનાં લગ્ન એક ભણેલીગણેલી છોકરી સંધ્યા સાથે કર્યા. સંધ્યા સુંદર પણ છે. સાસુ સસરા અને પતિએ એને પ્રેમ અને લાગણીથી પોતાની બનાવી લીધી. જોડા દિવસ પછી ઘરના રિવાજ પ્રમાણે એણે પહેલીવાર રસોઈ બનાવવાની હતી. એમાં એણે કોઈ મિષ્ટાન બનાવવાનું હતું. સાસુએ જ્યારે એને સોજીનો શીરો બનાવવાનું કહ્યું, ત્યારે તે મુંઝાઈ ગઈ. એણે ધીરેથી સાસુમાને પોતાની મૂંઝવણ જણાવી કે, "મમ્મી, મને શીરો બનાવતાં આવડતું જ નથી." આમ પણ આજના જમાનામાં હવે શીરો, લાપસી, લાડવા ક્યાં કોઈ ખાય છે? સરલા તરત જ સમજી ગઈ કે વહુને ઘરકામનો અનુભવ નથીસ, પરંતુ તે ગુસ્સે થયા વગર હસીને બોલી, "કંઈ વાંધો નહીં વહુ, તું ફકંત તાવેથો હલાવજેને, આપણે તો ફક્ત શુકન જકરવા છે ને ળ્ બાકી હું સંભાળી લઈશ. ધીરે ધીરે તમે બધું કામ શીખવાડી દઈશ." સાસુના આવા વર્તનની સંધ્યાના મન ઉપર ખૂબ સારી છાપણ પડી. એક નાના સરખા કામમાં એને સાસુ માટે કાયમનું માન ઉભું થઈ ગયું. આજે તો સંધ્યા એની સાસુના પ્રતાપે એક સુઘડ ગૃહિણી બની ગઈ છે. પ્રેમ અને પોતીકાપણું વરસાવીને સાસુ વહુની નજરોમાં માના સ્થાનથી પણ વિશેષ સ્થાન મેળવી શકે છે, જ્યારે ખોટી કચકચ અને રોકટોક એને વહુની નજરમાં ખરાબ પણ ચીતરી શકે છે. એક તરફ સરલા છે, જેણે પોતાની સમજદારી અને ધીરજથી વહુનું મન જીતી લઈને એને એક કુશળ ગૃહિણી બનાવી દીધી, જ્યારે બીજી તરફ મૃદુલા છીં. એણે એના મોટા દીકરા પંકજના લગ્ન પાયલ સાથે કર્યા. પાયલ ભણેલી ગણેલી સુંદર હતી. પિયરમાં સૌથી નાની હતી એટલે તેને ક્યારેય ઘરમાં કામ કરવાનો વારો જ નહોતો આવ્યો. એની બહેનો અને મમ્મીએ એમ વિચારીને એની પાસે કોઈ કામ ન કરાવ્યું કે, "અમે છીએ ત્યાં સુધી એણે કામ કરવાની શી જરૂર છે ? જે એના માથા પર જવાબદારી આવશે, ત્યારે શીખી જશે." આ લાડકોડમા એ કોઈ કામ શીખી જ નહીં, બસ ભણવા અને હરવા-ફરવામાં જ રહી. સાસરે તે મોટી વહુ બનીને આવી હતી. સ્વાભાવિક રીતે જ સાસુને એમ થાય કે એની વહુ ઘરનાં કામકાજ સંભાળી લે, પરંતુ આ બાજુ પાયલને કોઈ કામ સરખી રીતે આવડતું જ નહોતું.



# ટીનેજર્સને નિયમમાં ન બાંધો, માર્ગદર્શન આપો

બાળક કિશોરાવસ્થામાં પ્રવેશે તેસાથે સ્વતંત્ર રીતે નિર્ણય લેવા ઉત્સુક હોય છે. પોતે લીધેલા નિર્ણયમાં તે સફળ થાય તો તેનો આત્મવિશ્વાસ ઘડાય છે. બાળક નાનું હોય ત્યારે દરેક નાનીમોટી સિધ્ધિમાં માતાપિતાનું માર્ગદર્શન અને ટેકો મળતો હોય છે. તે મોટું થતું જાય તેમ તેની ક્ષિતિજ વિસ્તરતાં તે પોતાના જીવન પર અંકુશ મેળવવા ઈચ્છે છે. પરિણામે માતાપિતાની સલાહને અવગણે છે. સંતાનમાં અચાનક આવતાં આવા બદલાવને માતાપિતા સમજી શકતા નથી. આથી તેમને એમ લાગેછે કે ટીનેજ સંતાન અવળે રસ્તે ચડી ગયા છેઅને તેમાં સારાવાટ રહી નથી. સગીરાવસ્થામા પ્રવેશ સાથે જ ટીનેજર્સને લાગે છે કે હવે તેઓછ નાનપણની રમતો રમતાં અને માતાપિતાની ઈચ્છા પ્રમાણે વર્તતાં મિત્રો કરતાં મોટા થઈ ગયા છે. આ અવસ્થામાં માતાપિતા પાસેથી સ્વતંત્ર થવાની ઝંખના જાગે છે. જેનાથી સંબંધોમાં ગૂંચવણો ઉભી થાય છે. કે કે શારીરિક અને માનસિક રીતે વિકસિત તરૂણ/તરૂણી પાસેથી સમાજ અને પરિવાર ઘણી અપેક્ષા રાખતા હોય છે. આથી પોતે શું કરવું જોઈએ એ બાબતની ગડમથલ તેઓ અનુભવે છે. સગીર કન્યાઓ સમવયસ્ક છોકરા કરતાં બેથી ત્રણ વર્ષ અગાઉ જ શારીરિક અને ભાવનાત્મક રીતે પરિપક્વ થઈ જાય છે. લૈગિંક પરિપક્વતાની પ્રક્રિયા, શારીરિક સભાનતા અને તેનાં સામાજીક ધારાધોરણો તથા સમવયસ્કો અનુસાર સ્વીકાર તેમના મનમાં ગૂંચવણો પેદા કરે છે. હકીકતમાં આ અવસ્થામાં જ્યારે તેમના જીવનમાં ઘણાં ફેરફાર થતા હોય છે ત્યારે ટીનેજર્સને માતાપિતાનો પ્રેમ અને સહકાર જોઈતો હોય છે. ઘણા લોકો એમ વિચારતા હોય છે કે કિશોરાવસ્થામાં પ્રવેશેલાં બાળકો માટે કુટુંબનં મહત્વ ઓછું થઈ જાય છે.

પરંતુ એવું નથી. તેમના માટે માતાપિતા અને કુટુંબ સંભાળ રાખનાર અને ભાવનાત્મક ટેકો આપનાર સ્ત્રોત હોય છે. પરિવાર ટીનેજર્સને વાસ્તવિક, આર્થિક અને ભૌતિક સહાય કરે છે. અને મોટાભાગના ટિનેજર્સ કુટુંબ સાથેસમય પસાર કરવા, વિચારો વ્યક્ત કરવા અને આનંદ કરવા ઈચ્છતા હોય છે. સગીરાવસ્થામાં મૂડી અને ઓછાબોલા બની જવું સામાન્ય છે. આમ છતાં તેમને માતાપિતાની જરૂર હોય છે. બાળક તમને પ્રેમ કરે છે અને પોતાના જીવનમાં તમને સમાવિષ્ટ કરવા ઈચ્છે છે. પરંતુ તે સાથે તેમનો અભિગમ, વર્તન કે ભાવભંગિમા એવી હોય છે કે તેમને તમારી જરૂર નથી. માતાપીતાના એકબીજા સાથે પરિપક્વ સંબંધો ન હોય અને સતંનો માતા-પિતા સાથે સારા સંબંધ ન ધરાવતા હોય ત્યારે કિશોરાવસ્થામાં અસ્થિરતા જોવા મળવી સહજ છે. સગીર સંતાનના માતાપિતાએ પોતાના બાળકના વર્તનમાં આવતાં બદલાવછ અંગે સતર્ક રહેવું અને જરૂર પડે ત્યારે માર્ગદર્શન આપવું જરૂરી છે. ટીનેજ સંતાન સાથે ગાઢ સંબંધ રાખવો અત્યંત જરૂરી છે. આ માટેની કેટલીક ટિપ્સ : સંવાદ જાળવો : એકમેકને સાથી સમજીને એકબીજાના દ્રષ્ટીકોણ સમજો. તેમની વાત સાંભળો. તેમને જરૂર પડશે ત્યારે તમે ટેકો આપશો અને મદદ કરશો એવી ખાતરી આપો. નિયમિત સાથે જમવાથી કે ફરવા જવાથી એકમેક સાથે વાતચીત કરવાની અને જીવનમાં શું ચાલી રહ્યું છે તે કહેવાની અને પૂછવાની તનક મળે છે. એક સમયે એક જ વાત કરવાથી બાળક સાથે જોડાયેલા રહેવાશે. કોમન ધ્યેય રાખો : તેમની જરૂરિયાત જાણો અને સમજો. અસંમતિના સંજોગોમાં તેમને શાંતિથી સમજાવો. યોગ્ય ઉકેલ શોધો. જરૂરી લાગે તો ફરી વિચાર કરો અને ન્યાયી નિર્ણય આપો. માતાપિતાએ સમજવું જોઈએ કે તેમનું વર્તન બાળકની ભાવનાત્મક પરિપક્વતાનો પાયો નાખે છે.



## તંત્રી લેખ...

શુક્રવાર, તા. ૧૦ એપ્રિલ ૨૦૨૬

# સહાનુભૂતિના મતો અને બિનહરીફ વિજય

મહારાષ્ટ્રમાં યોજાયેલી રાજ્યસભાની સાત બેઠકો માટેની ચૂંટણીમાં તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યાના સમાચાર તાજા છે. આ ચૂંટણીઓમાં રાજ્યના ચાણક્ય ગણાતા શરદ પવાર સામે મહાયુતિએ કોઈને ઉમેદવારી ન આપી રાજકીય ખેલદિલીનો પરિચય આપ્યો હતો. આથી, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના મૃત્યુને પગલે ખાલી પડેલી બારામતી વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે મહાવિકાસ આઘાડી કોઈ ઉમેદવાર ઊભો નહીં રાખે એવી અપેક્ષા હતી, પણ કૉંગ્રેસે સ્થાનિક કાર્યકર્તા આકાશ મોરેને ઉમેદવારી આપી છે, આથી અજિત પવારનાં પત્ની સુનેત્રા પવાર બિનહરીફ ચૂંટાઈ નહીં શકે. પેટા-ચૂંટણીની જાહેરાત થઈ ત્યારથી જ પોતાનો ઉમેદવાર ઊભો રહેશે એવી વાતો કૉંગ્રેસના સ્થાનિક એકમના નેતાઓ કરી રહ્યા હતા. સામાન્યપણે, ભારતના રાજકારણમાં જોવા મળે છે કે, કોઈ વિધાનસભ્ય કે સાંસદનું મૃત્યુ થયું હોય અને એ બેઠક માટેની પેટા-ચૂંટણીમાં મૃતકના પરિવારના સભ્યને ઉમેદવારી અપાય તો મતદારોના સહાનુભૂતિના મત આવા ઉમેદવારની તરફેણમાં મોટા પ્રમાણમાં પડતા હોય છે, પણ મહારાષ્ટ્રમાં છેલ્લા થોડા સમયથી આ ચિત્ર બદલાતું હોવાનાં ઉદાહરણો જોવા મળ્યાં છે. આ સાથે જ ચાલુ વર્ષે રાજ્યમાં અનેક જગ્યાએ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં સત્તાધારી મહાયુતિના ૬૯ નગરસેવકો બિનવિરોધ ચૂંટાઈ આવ્યા હતા, આ આંકડો અભૂતપૂર્વ હતો. મહારાષ્ટ્રના રાજકારણનાં બદલાતાં સમીકરણો આ બે બાબતોમાં પ્રતાબિંબિત થયાં છે.

સુનેત્રા પવારે શિવસેનાના ઉદ્ધવ ઠાકરેને બારમતી પેટા-ચૂંટણી પહેલાં ફોન કરતા શિવસેનાએ તેમની સામે ઉમેદવાર ઊભો રાખ્યો નથી. રાષ્ટ્રવાદી કૉંગ્રેસે (શ.પ.) પારિવારિક કારણસર પોતાનો ઉમેદવાર આપ્યો નથી, પણ મહાવિકાસ આઘાડીના સાથી કૉંગ્રેસે કેન્ડિડેટ ઊભો રાખી આ ચૂંટણી બિનહરીફ થતી અટકાવી છે. અપેક્ષા છે કે, સુનેત્રા પવાર અહીં ભારે બહુમતથી જીતી જશે. જોકે, નજીકના ભૂતકાળમાં મહારાષ્ટ્રની કેટલીક પેટા-ચૂંટણીઓમાં ચોંકાવનારાં પરિણામ આવ્યાં છે. મે, ૨૦૨૧માં પંઢરપુર-મંગળવેઢા વિધાનસભા બેઠક માટે યોજાયેલા બાય-પૉલમાં ભાજપના સમાધાન ઔતાડે રાષ્ટ્રવાદીના ભગિરથ ભાલકે સામે જીત્યા હતા, આ બેઠક સાટિંગ એમએલએ ભરત ભાલકેના અવસાનને પગલે ખાલી પડી હતી. ભાલકેના પરિવારના સભ્યને ઉમેદવારી અપાઈ હોવા છતાં આ બેઠક પર ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો. તો, ૨૦૨૩ના ફેબ્રુઆરીમાં પુણેના કસબાપેઠ બેઠક માટે યોજાયેલી પેટા-ચૂંટણીમાં ભાજપના હેમંત રાસનેનો કૉંગ્રેસના રવીન્દ્ર ધાંગેકર સામે પરાજય થયો હતો. આ બેઠક ત્રણ દાયકાથી ભાજપનો ગઢ હતી અને તત્કાલીન વિધાનસભ્ય મુક્તા ટિળકના અવસાન પછી યોજાયેલી પેટા-ચૂંટણીમાં પક્ષને સહાનુભૂતિ મતો મળ્યા નહોતા. તો, ૨૦૨૨માં કોલ્હાપુર ઉત્તર વિધાનસભા બેઠક માટે યોજાયેલી પેટા-ચૂંટણીમાં કૉંગ્રેસના દિવંગત વિધાનસભ્ય ચંદ્રકાંત જાધવનાં વિધવા જયશ્રી બહુ ઓછા માર્જિનથી ભાજપના ઉમેદવાર સત્યજીત કદમ સામે જીત્યાં હતાં. કૉંગ્રેસનો ઉત્સાહ વધે એવાં આ ઉદાહરણો છતાં બારામતીમાં આ ટ્રેન્ડનું પુનરાવર્તન થવાની શક્યતા નહીંવત છે.

# આ હાશકારો કેટલો ટકશે?

આખા જગતના શ્વાસ મંગળવારે રાત્રે અધ્ધર હતા. શું થશે? અમેરિકા આસુરી તાકાતની જેમ ઈરાન ઉપર ત્રાટકશે? ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે તેમ તેઓ ઈરાની સભ્યતાનો નાશ કરી નાખશે? વહેલી સવારે લોકોએ સમાચાર જોયા કે આ ભીષણ, ભયાનક યુદ્ધ પંદર દિવસ માટે સ્થગિત કરાયું છે. હાશકારો અનુભવાયો. શાતા આપતા આ સમાચાર શૅરબજારને પણ ગમ્યા. જોકે, અત્યાર સુધી બન્ને પક્ષો જે રીતે વર્ત્યા છે, વિશેષતઃ અમેરિકાએ જે તબાહી સર્જી છે તે જોતાં હજી વિશ્વાસ નથી આવતો કે આ હાશકારો કેટલો ટકશે! યુદ્ધ પંદર જ દિવસ સ્થગિત કરાયું છે તે તો ઠીક, પરંતુ તે દરમિયાન પણ શું થશે તે નક્કી નથી.

'ઈરાનની સંસ્કૃતિ ખતમ કરી નાખશું' તેવી ટેરિફ કિંગ ટ્રમ્પની ધમકીને એક જ કલાકની અવધિ બાકી હતી ત્યાં જ બન્ને તરફથી યુદ્ધ સ્થગિત થવાની ઘોષણા થઈ. આ સમજૂતી અંતર્ગત હોર્મુઝ ખાડી ખોલી નાખવાની પણ ખાતરી અપાઈ, વિશ્વના અનેક દેશોની ચિંતા હાલપૂરતી ઓછી થઈ. યુદ્ધ સ્થગિત કરાવવાનો યશ પાકિસ્તાન લઈ રહ્યું છે તેના પણ કેટલાંક કારણ છે, પરંતુ અંદરની વાત તો એવી છે કે આખરે હસ્તક્ષેપ ચીનનો હતો. ચીને બન્ને પક્ષને અહં ઓગાળવા કહ્યું. હવે અમેરિકા અને ઈરાનની વચ્ચે ઈસ્લામાબાદમાં વાતચીત શરૂ થશે. જોકે, સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ પણ કહે છે કે આ સંવાદ યુદ્ધના અંતનો સંકેત નથી.

બન્ને પક્ષ વચ્ચે ૧૪ દિવસ વાર્તાલાપ થશે. ઈરાને કહ્યું, 'અમારા હાથ ટ્રીગર ઉપર છે, શત્રુનો થોડો અટકચાળો પણ તેને ભારે પડશે.' ઈઝરાયલે પણ કહ્યું છે કે, 'સિઝફાયર મંજૂર પરંતુ લેબેનોનમાં તો ભડાકા ચાલુ જ રહેશે.' આ સમજૂતીના કેટલાંક કારણો અગત્યનાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ શાતિર છે

તેવું વધુ એકવાર સાબિત થયું. ઈરાનની દસ સૂત્રીય યોજનાને તેમણે આધારમાની. મિડલ ઈસ્ટમાં અમેરિકાના સૈનિકોની રક્ષા સાથે પણ તેને વિદેશી માધ્યમો જોડી રહ્યાં છે. યુદ્ધને લીધે સમગ્ર વિશ્વમાં ઊર્જા સંકટ ઊભું થઈ રહ્યું હતું. પુરવઠાની વૈશ્વિક સાંકળ ખોરવાઈ રહી હતી. ઈરાન ભલે હાર્યું નહોતું, પરંતુ થાક્યું તો હતું જ.

હવે સવાલ એ છે કે યુદ્ધ પર અલ્પવિરામ મુકાયો છે. સ્થાયી શાંતિ સમજૂતી સુધી તેઓ પહોંચી શકશે કે નહીં તેના ઉપર ભાવિ નિર્ભર છે. જો બન્ને પક્ષે સમજૂતી સધાય, તેના ઉપર બન્ને ઊભા રહે તો આ ૧૪ દિવસ એક કૂટનીતિક અવસર છે પરંતુ અહંકાર શમે નહીં, વૈમનસ્ય વકરતું જ રહે તો ૧૪ દિવસ પછીના દિવસો વધારે ભયાનક હશે. સૌથી અગત્યનો સવાલ એ છે કે જે કાયમ આતંકવાદને પોષે છે, પોતાની ક્ષમતા કંઈ નથી છતાં ભારતમાં છમકલાં કરીને માર ખાય છે તે પાકિસ્તાન યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી રહ્યું છે. જોકે, શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર જો ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના માટે ઝંખી શકે તો પાકિસ્તાન સમજૂતીમાં મધ્યસ્થી કરે તેમાં આશ્ચર્ય થાય નહીં.

### ટિપ્પસ : કુશળતા પર શંકા રાખવાની બાબત યોગ્ય નથી

# મૌન રહેવાથી સફળતા મળતી નથી

## ક્યારેય પોતાના પર આશંકા કરવી જોઇએ નહી : પોતાના મુલ્યાંકન ઉપર સતત ધ્યાન આપવા રહેવુ જોઇએ

જીવનમાં તમામ ઉંચાઇ હાંસલ કરી લીધી હોવા છતાં કેટલાક લોકોને હમેંશા લાગે છે કે તે ખુબ બનાવટી છે. તમામ સફળતા મેળવી લીધા બહાદ પણ સફળ લોકો પણ આ માનસિક ભાવનાથી ગ્રસ્ત રહે છે. આવા લોકો માને છે કે તેમની સાથે રહેલા લોકો ટુંક સમયમાં જ તેમની સફળતાના રહસ્યને જણી લેશે. તેમને એક ભય આ બાબતને લઇને પણ રહે છે કે જો તેઓ વધારે મહેનત કરશે નહી તો તેઓ અન્યો કરતા પાછળ રહી જશે. તેમને અન્યો પાછળ છોડીને તેમની જગ્યા લઇ લેશે. પોતાની લાઇફમાં તમામ પડકારોને સફળ રીતે પાર પાડીને ઉંચી સફળતા મેળવી લીધી હોવા છતાં તેમને કેટલીક વખત આવુ લાગે છે કે આજે તેમને જે સફળતા મળી છે તે ભવિષ્યમાં ફરીવાર મળી શકશે નહી. આવી ભાવના કોઇ મોટી કંપનીના માલિકથી લઇને નાના કારોબારીને પણ થાય છે. સામાન્ય મજુરી કરનાર વ્યક્તિને પણ આવુ લાગે છે. જો તમારા મનમાં પણ આવી જ કોઇ ભાવના રહેલી છે તે તો ભાવના અયોગ્ય છે. આવી ભાવનાને કાઢી નાંખવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવાની જરૂર છે. કેટલાક લોકો તો ખુબ કુશળ પણ હોય છે પરંતુ તેઓ પોતાની કુશળતાને લઇને શંકા કરતા રહે છે. જો તમે લાઇફમાં ઉંચી ઉંચી સફળતા હાંસલ કરવા ઇચ્છો છો તો પોતાના પર ક્યારેય શંકા કરવી જોઇએ નહી. શંકા ખતરનાક છે અને તે શંકા આપના માર્ગને રોકી શકે છે. પોતાને અન્યો કરતા ઓછા આંકવાના બદલે બીજા પર નજર કરવી જોઇએ. તેમના ગુણની સાથે સાથે તેમના દૌષને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે. જો આવુ કરશો તો પોતાના પર પરફેક્ટ બનવા માટેના બોજ લાગી કરશો નહી. જો આવુ કરશો તો પોતાના પર પ્રેમ અને સાહનુભુતિ પણ રાખી શકશો. પોતાની લાયકાતને ઓળખી કાઢવા માટેના પ્રયાસ સતત કરવા જોઇએ. પોતાની પોઝિટીવ સ્કિલ્સ, સફળતા અને અનુભવની યાદી બનાવી દીધા બાદ પોતાની સફળતાની સ્થિતીને સમજવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. પોતાની સફળતાનુ મુલ્યાંકન કરવામાં આવશે તો સીધો ફાયદો થશે. આપે જે પણ સફળતા હાંસલ કરી છે તે પોતાની તાકાત પર હાંસલ કરી છે તેવી ભાવના જો જાગશે તો વધુ સફળતા હાંસલ થઇ શકશે. કેટલીક વાર એવુ પણ બને છે કે પોતાને પ્રશંસાથી દુર રાખવા માટે પોતાના કામ માટે મળેલી પ્રશંસા પર પણ કોઇ પ્રતિક્રિયા આપતા નથી. હવે જ્યારે પણ કોઇ સમય કામ બદલ પ્રશંસા મળે ત્યારે તમામ બાબતોને ભુલીને તે પ્રશંસાને સ્વિકાર કરવામાં આવે તે જરૂરી છે. પોતાના વ્યક્તિત્વની સારી બાબતોના સંબંધમાં કોઇ વિશ્વસનીય મિત્રો સાથે પણ વાત કરી શકાય છે. શુ કોઇ અન્ય વ્યક્તિ કરતા વધારે કામ કરીને આપ પોતાને વધારે યોગ્ય અનુભવ કરી શકો છો જો દિલ આવુ માને છે તો વધારે મહેનત



કરવાની ટેવ પાડવી જોઇએ. જ્યારે સતત મહેનત કર્યા બાદ સફળતા હાંસલ થવા લાગે છે ત્યારે યોગ્યતા અને કુશળતા પર આત્મવિશ્વાસ સતત વધે છે. પોતાની યોગ્યતાને લઇને શંકામાં રહેલા લોકો સામાન્ય રીતે ભયના કારણે હસી મજાક કરતા નથી. તેમને કામ વગરની વ્યક્તિ કોઇ ન માની લે તેમ અનુભવ કરે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે અસલી ક્ષમતાને જીવિત રાખવા માટે પોતાના અંદર રહેલી ભાવનાને બહાર આવવાની તક આપવી જોઇએ. હાસ્ય મનોરંજન પણ લાઇફમાં જરૂરી છે. આના કારણે સીધી રીતે અસર થાય છે. હકારાત્મક ભાવના વિકસિત થાય છે. પોતાની લાયકાત પર શંકા કરનાર લોકોએ આનો દુર કરવા માટે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઇએ. મુલ્યાંકન વેળા એવી ચીજોની કાગળ પર યાદી બનાવવી જોઇએ જે લોકોને આકર્ષિત કરે છે. તેમાં પોતાની તમામ કુશળતા અંગે વાત લખવી જોઇએ. આનાથી પોતાની અંદર બિનજરૂરી ખામી કાઢવાની ટેવ દુર થશે. સાથે સાથે આત્મવિશ્વાસમાં વધારો થશે. આ આત્મવિશ્વાસ વધુ સફળતા માટેના માર્ગ કોઇ પણ વ્યક્તિ માટે ખોલી દે છે.

### ૧૯૯૬માં પહેલીવાર ૮૧મા સુધારા ખરડા તરીકે મહિલા અનામત ખરડો દાખલ થયો હતો.

# નારીશક્તિને વંદન : કેન્દ્ર સરકારની ક્રાંતિકારી પહેલ

• ૧૦૬મો બંધારણીય સુધારા ખરડો ૨૦૨૩ કાયદાનું સ્વરૂપ મેળવશે એ પછી લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવી ફરજિયાત થશે.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે બુધવારે કેબિનેટ બેઠકમાં કેટલાક નિર્ણય લીધા તેમાં એક સૌથી મોટું પગલું મહિલા અનામત ખરડાને મંજૂરીનું હતું. સરકારે આ માટે વિરોધ પક્ષોનો સહયોગ માગ્યો છે અને વિધેયક પસાર કરાવવા ૧૬થી ૧૮ એપ્રિલ દરમ્યાન ત્રણ દિવસ સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે. ભારતનો પુરાતન ઈતિહાસ અને પુરાણ પણ નારીશક્તિના મહિમાગાનથી સમૃદ્ધ હોવા છતાં મહિલાઓ સત્તામાં ભાગીદારીથી લાંબો સમય વંચિત રહી છે. નારી ઉત્થાન અને સમાનતાના માહોલમાં સંસદ અને ધારાગૃહોમાં પણ મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઇ એક ક્રાંતિકારી પગલું બની રહેશે. અહી એ ઉલ્લેખનીય છે કે, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ નવા સંસદગૃહની પહેલી જ બેઠકમાં સરકારે નારીશક્તિ વંદન અધિનિયમ દાખલ કર્યું હતું, તે લોકસભામાં અને રાજ્યસભામાં પણ સર્વાનુમતે પસાર થતાં સાડા ત્રણ દાયકાથી રહ્યા છે, પરંતુ કોઇ રાજકીય પક્ષ પુરુષપ્રધાન માનસિકતા ત્યજીને મહિલાઓને સર્વોચ્ચ સ્તરે ૩૩ ટકા અનામત આપવા રાજી ન હોય તેમ એ વિધેયક કાયદાનું સ્વરૂપ લઇ શક્યું નથી. ૧૯૯૬માં પહેલીવાર ૮૧મા સુધારા ખરડા તરીકે મહિલા અનામત ખરડો દાખલ થયો હતો. રાજ્યસભામાં ૨૦૧૦માં તેને બહાલી મળી, પણ ૨૦૧૪માં લોકસભામાં લેપ્સ થઇ ગયો હતો. આ ખરડાનો ઈતિહાસ જોતાં જણાય છે કે, નારી ઉત્થાન અને સશક્તિકરણના હિમાયત જોરશોરથી કરતા રાજકીય પક્ષો ખરડો પસાર કરવાની વાત આવે ત્યારે નામુક્કર ગયા છે. હવે મોદી સરકારની પહેલ નિર્ણાયક બની રહેશે. ૧૦૬મો બંધારણીય સુધારા ખરડો ૨૦૨૩ કાયદાનું સ્વરૂપ મેળવશે એ પછી લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવી ફરજિયાત થશે. હકીકતમાં નવી વસ્તી ગણતરી અને ડિલિમિટેશનની વાટ જોવાતી હતી. નવાં સ્વરૂપમાં સરકારે લોકસભાની બેઠક ૫૪૩થી વધારીને ૮૧૬ કરવાની દરખાસ્ત મૂકી છે. મહિલા અનામત ૨૦૨૯ની ચૂંટણીમાં લાગુ થાય એવી સંભાવના છે. દરમ્યાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશેષ લેખ દ્વારા નારીશક્તિને સશક્ત કરવાનું આહ્વાન આપ્યું છે. તેમણે કહ્યું કે, ૨૧મી સદીની વિકાસયાત્રામાં ભારત માટે આ મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ છે. તેનાથી લોકતંત્ર વધુ મજબૂત બનશે. મહિલા અનામત ખરડો પસાર કરવા માટે મળનારી સંસદની વિશેષ બેઠક ભારતની કરોડો મહિલાઓની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરશે. નારીશક્તિએ રાષ્ટ્રનિર્માણમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. દેશના દરેક સેક્ટરમાં મહિલાશક્તિ દૃષ્ટાંત બનીને



ઊભરી છે. વિજ્ઞાન, ટેક્નોલોજીથી લઇને ઉદ્યોગ સાહસિકતા, રમત-ગમતનાં મેદાન, સંરક્ષણ દળો સુધી મહિલા પ્રભાવશાળી દેખાવ કરી રહી છે. સંગીત-કળા ક્ષેત્રે પણ મોટું યોગદાન છે. મોદીએ કહ્યું છે કે, કોઇ પણ સમાજની સાચી પ્રગતિ ત્યારે જ લેખાય જ્યારે માતા-બહેનોને આગળ વધવાની તક મળતી હોય. મહિલાઓને અનામતનો લાભ આપવાનો અવસર બંધારણની મૂળભૂત ભાવનાને સુસંગત છે એમ કહેતાં વડાપ્રધાને તમામ રાજકીય પક્ષના સંસદ સભ્યોને નારીશક્તિ માટેના નિર્ણાયક પગલાંનું સમર્થન કરવા આહ્વાન કર્યું છે.

### આ ડાહ્યાભાઇની ધૂનમાંથી ક્યારે છૂટું? આવતીકાલે પાછા ત્રીજા ગામ લઇ જશે તો?

# તમારે ગુરુની જરૂર નથી

## જમીને સૌની ભાવપૂર્ણ વિદાય લઇને હું એકલો જ વાલોડ જવા નીકળ્યો. આખા માર્ગ ઇશ્વરસ્મરણ કરતો રહ્યો. 'હે પ્રભો, ગઇ રાત્રે તેં જેમ લાજ રાખી હતી, તેમ આજે પણ રાખજે.

ડાહ્યાભાઇ પીછો છોડે તેવા ન હતા. પાછા સવારે આવી પહોંચ્યા. વૃદ્ધ શરીરમાં તેમનો ઉત્સાહ અપાર હતો. મને કહે કે 'એક દિવસથી વધુ ન રોકાવાનો તમારો નિયમ છે તો ભલે, પણ આજ તમારે અહીં નજીકના ગામ વાલોડ આવવું પડશે.' મેં કહ્યું કે 'કેમ?' તો કહે કે 'એ બ્રાહ્મણોનું ગામ છે. આર્યસમાજી છે. ભલભલાને છક્કા છોડાવી દે છે. મારે તમને ત્યાં લઇ જવા છે અને બતાવી આપવું છે કે શેર ઉપર સવા શેર છે.' મને તેમની વાતનો થોડો આભાસ આવી ગયો હતો. રાત્રે જેમ ચિંતા થઇ હતી તેમ ફરી ચિંતા તથા ભયની અસર થઇ. મનમાં થયું કે 'આ ડોસો મને પેલા ગામના વિદ્વાનો સાથે લડાવવા માગે છે. અને મારું શું ગજું? ક્યાં એ વિદ્વાનો અને ક્યાં હું અજ્ઞાની?' મેં ડાહ્યાભાઇને ના કહી: 'મારે વાલોડ નથી આવવું. હું તો આ રેલે રેલે જઇશ.' પણ માને તો ડાહ્યાભાઇ શાના! મારા સ્વભાવની એક દુર્બળતા છે કે કોઇના દૃઢ આગ્રહ આગળ હું દૃઢ નથી રહી શકતો, ઝૂકી જાઉં છું. અંતે જમીને વાલોડ જવાની મેં સ્વીકૃતિ આપી. હું વાહનમાં બેસતો નહિ એટલે મારે પગપાળા જવું અને ડાહ્યાભાઇને બસમાં જવું એવું નક્કી થયું.

જમીને સૌની ભાવપૂર્ણ વિદાય લઇને હું એકલો જ વાલોડ જવા નીકળ્યો. આખા માર્ગ ઇશ્વરસ્મરણ કરતો રહ્યો. 'હે પ્રભો, ગઇ રાત્રે તેં જેમ લાજ રાખી હતી, તેમ આજે પણ રાખજે. વાલોડમાં વિદ્વાન બ્રાહ્મણો રહે છે, તેમાં પાછા આર્યસમાજી તાર્કિકો. આ ડાહ્યાભાઇ કોઇ ધૂની માણસ છે. સિંહોની સાથે બકરાને બાથ ભિડાવવા લઇ જઇ રહ્યા છે. કાલ તો સૌ શ્રદ્ધાળુ શ્રોતાઓ હતા એટલે મારી કાલીઘેલી વાતોને પણ અહોભાવથી સાંભળતા હતા, પણ આજે તો કર્કશ તાર્કિકો છે. તે તર્કો કરશે. પ્રશ્નો પૂછશે. મને શું આવડે છે કે હું જવાબ આપી શકીશ? પ્રભો, તું જ લાજ રાખજે.'

આખી વાટ પ્રાર્થના કરતો રહ્યો. ચિંતા અને ભય પ્રાર્થનાના પ્રેરક બળો છે. સાંજ પડવાની તૈયારી હતી અને હું વાલોડ પહોંચ્યો. નદીકિનારે ગણપતિનું મંદિર. હું જ્યારે મંદિરમાં પહોંચ્યો ત્યારે વીસ-પચીસ બ્રાહ્મણ વિદ્વાનો બેઠેલા. ગામોમાં સાંજે સૌ નવરા હોય એટલે મંદિરના ઓટલે આવીને બેસે. આરતી કરીને ઘેર જાય. યુરોપમાં કોઇ નવરું નહિ એટલે આવું શાંતિથી બેઠેલું કોઇ ટોળું ભાગ્યે જ જોવા મળે.મને હતું કે ડાહ્યાભાઇ પહોંચી ગયા હશે અને મારી વ્યવસ્થા કરી દીધી હશે. પણ હજી ડાહ્યાભાઇ આવ્યા ન હતા. મને આવેલો જોઇને પેલા વિદ્વાનોએ કશી નોંધ લીધી નહિ. એક ખૂણામાં થેલો મૂકીને નાહવાના કપડા કાઢીને હું ચુપચુપ પેલી મઢીવાળી નદી જે અહીં પણ આવતી હતી ત્યાં નહાવા ગયો. સ્નાન-સંધ્યા કરીને પાછો આવ્યો. પણ હજી ડાહ્યાભાઇ આવ્યા ન હતા. આરતી કરીને સૌ વીખરાવા લાગ્યા. અહીં મંદિરમાં જ રહેનાર કોઇ પૂજારી ન હતો. મંદિર ખુલ્લા જેવું જ હતું એટલે 'ઇધર રહનેકા નહીં હૈ'નો ડર ન હતો. સારું થયું કે મારે સાંજે જમવાનું ન હતું. નહીતો પણ અહીં કોને પડી હતી કે મારે જમવાનું છે કે નહિ એમ પૂછે? બે-પાંચ માણસો સિવાય બધાય ધીરેધીરે વીખરાઇ ગયા. અંતે તો મારા સમાજે (સાધુસમાજે) જે પ્રતિષ્ઠા-અપ્રતિષ્ઠા સ્થાપિત કરી છે તેના જ ફળ મારે વીણવાના હતા. કોઇએ મારો ભાવ ન પૂછ્યો તેમાં સાધુસમાજનું સમગ્ર રૂપ જવાબદાર હતું.મંદિરના એક ખૂણામાં બેઠો બેઠો ડાહ્યાભાઇના ધૂનીપણાને હું આક્રોશી રહ્યો હતો. 'મને અહીં ધકેલી દીધો અને પોતે તો હજી આવ્યા જ નથી.' ત્યાં તો જેમ વાદળમાં વીજળી ચમકે તેમ ભાઇસાહેબ ચમક્યા. મોડા આવવાનું કારણ બતાવી, જે બે-પાંચ માણસો બેઠા હતા તેમને ધમકાવવા લાગ્યા. 'ઓળખો છો આ કોણ છે? શુકદેવ છે શુકદેવ!' ગામ સાથે તેમનો આત્મીયતાનો સંબંધ હતો એટલે તથા તેમની નિખાલસતા તથા ભાવુકતાથી સૌ પરિચિત હોવાથી સૌ હસતા ચહેરે તેમની ઝાટકણીને સહન કરતા રહ્યા.ગઇકાલની મઢીની વાત રંગોળી પૂરીને કરી. સૌ ગામમાં ગયા અને જોતજોતામાં તો લોકો આવવા લાગ્યા. મંદિરનો હોલ ચિક્કાર ભરાઇ ગયો હતો. મારી ચિંતાનો પાર ન હતો. 'આ ડાહ્યાભાઇની ધૂનમાંથી ક્યારે છૂટું? આવતીકાલે પાછા ત્રીજા ગામ લઇ જશે તો? ના... ના... હવે તો નહિ જ જાઉં.' હું વિચારના ચકડોળે ચકરીઓ ખાઇ રહ્યો હતો.આજે અહીં કાલની માફક વ્યાસપીઠ ગોઠવાઇ ન હતી. શ્રોતાઓમાં મોટો ભાગ પુરુષો અને તેમાં પણ બ્રાહ્મણોનો હતો. ડાહ્યાભાઇએ પ્રવચન માટે મને આગ્રહ કર્યો. હું ઊભો થયો અને કાંઇ અગડંબગડં બોલવા લાગ્યો. સવા-દોઢ કલાક બોલ્યો અને પોતાની જગ્યાએ બેસી ગયો.એક પ્રખર આર્યસમાજી વિદ્વાન ઊભા થયા અને પ્રવચન કરવા લાગ્યા. તેનો સાર હતો કે 'તમારે ગુરુ કરવાની જરૂર નથી. તમે પોતે ગુરુ જ છો.'પ્રવચન પછી સૌનું વલણ બદલાઇ ગયું હતું. સૌને મારામાં, મારી યાત્રામાં, મારા ધ્યેયમાં રસ જાગ્યો હતો.ડાહ્યાભાઇના ચહેરા ઉપર વિજયસ્મિત ફરકી રહ્યું હતું. તે જે બતાવવા માગતા હતા તે બતાવી દીધું હોય તેમ તેમને લાગતું હતું.આગળ મહારાષ્ટ્ર શરૂ થશે અને તમને તકલીફ પડશે. અમે તમને પ્રયાગરાજ સુધીની ટિકિટ કરાવી આપીએ, બીજી ચીજવસ્તુઓ લઇ આપીએ, તેવો ઘણાનો આગ્ર હોવા છતાં મેં કશું સ્વીકાર્યું નહિ. બીજા દિવસે પેલા વિદ્વાનને ત્યાં જમીને હું પાછો મંદિરે આવ્યો. જોઉં તો સફેદ ખાદીની સાડીઓમાં પ્રભાવશાળી ચાર-પાંચ ભદ્ર બહેનો મારી રાહ જોઇ રહી હતી. મારું નામ સાંભળીને નજીકના કોઇ સર્વોદય આશ્રમમાંથી તે ચર્ચા કરવા આવી હતી.સંન્યાસ ના લેવો જોઇએ તેવો તેમનો આગ્ર તથા સલાહ હતા. ત્યારે હું ખાદી કે ગ્રામઉદ્યોગ સંબંધી કાંઇ જાણતો નહિ. મારા નિર્ધારમાં મને દૃઢ જોઇને તે બહેનો આશીર્વાદ આપીને વિદાય થઇ. હું પણ સૌની ભાવપૂર્ણ વિદાય લઇને પાછો રેલવેના પાટા તરફના માર્ગ ચાલી નીકળ્યો.

# અનન્યાની પરીક્ષાના તણાવ સામે જાગૃતિ ફેલાવવા ઝુંબેશ- 'પ્રેશર કો બોલો બાય'

## અનન્યા નિક ઇન્ડિયા સાથે આ કેમ્પેઇનમાં જોડાઈ છે




પરીક્ષાઓ ઘણી વખત પરિવારમાં તણાવનું વાતાવરણ ઊભું કરે છે. ઘણા ઘરોમાં એક્ઝામ સીઝન દરમિયાન અપેક્ષાઓ અને દબાણ વધે છે. આ વાતને ધ્યાનમાં રાખીને નિક ઈન્ડિયા અને અનન્યા પાંડેની પહેલ 'સો પોઝિટિવ' સાથે મળીને એક ખાસ પહેલ શરૂ કરવામાં આવી છે, જે બાળકો અને પરિવારને સરળ અને રમૂજી રીતોમાં પરીક્ષાના તણાવને સમજવા અને ઘટાડવામાં મદદ કરે છે.

નિક ઈન્ડિયાનાં 'પ્રેશર કો બોલો બાય' અભિયાન પર આધારિત આ પહેલ માતા-પિતાને પ્રોત્સાહિત કરે છે કે તેઓ પોતાના બાળકોની ખાસિયતો અને શીખવાની રીતને ઓળખે અને સરખામણીને બદલે તેમનાં આત્મવિશ્વાસને વધારવા પર ધ્યાન આપે. 'સો પોઝિટિવ' પહેલનો હેતુ યુવાનો વચ્ચે વધુ સંવેદનશીલ અને ખુલ્લી વાતચીતને પ્રોત્સાહિત આપવાનો છે. અનન્યા ઈચ્છે છે કે બાળકો અને તેમનાં પરિવારો માટે માનસિક સ્વાસ્થ્ય વિશે વાત કરવી વધુ સરળ અને સ્વાભાવિક બને.

તેના માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનન્યા પાંડે સાથે નિકના ચિકૂ, બન્ટી અને તેમનાં મિત્રો

જોડાયાં. તેમણે બેલૂન્સ પર લખાયેલી રોજિંદા પરીક્ષા સંબંધિત ચિંતાઓ પસંદ કરી અને તેને ફોડીને તેમાં રહેલી સરળ સ્ટ્રેસ દૂર કરવાની રીતો બહાર લાવવામાં આવી. આ પહેલ વિશે વાત કરતાં અનન્યા પાંડેએ કહ્યું, "પરીક્ષાનું દબાણ લગભગ દરેક વિદ્યાર્થી અનુભવે છે, પરંતુ એ યાદ રાખવું જરૂરી છે કે તે તમારી ઓળખ નથી. મોટા થતાં મને સમજાયું કે તેને હેન્ડલ કરવાનો શ્રેષ્ઠ રસ્તો થોડીરાહ જોવી, શ્વાસ લેવો અને પોતાને યાદ અપાવવું કે પરીક્ષા જીવનનો એક નાનો ભાગ છે. નિકનું 'પ્રેશર કો બોલો બાય' અભિયાન બાળકો અને માતા-પિતાને ખુલીને તણાવ વિશે વાત કરવા અને તેને વધુ સ્વસ્થ અને સકારાત્મક રીતે હેન્ડલ કરવા પ્રોત્સાહિત કરે છે. ક્યારેક નાના પગલાં — જેમ કે રાહ જોવી, લાગણીઓ શેર કરવી અથવા અપેક્ષાઓ છોડવી — પણ મોટો ફેરફાર લાવી શકે છે."



# કાર્તિક આર્યને પોતાની ઓળખ સુરક્ષિત રાખવા કાયદેસર પગલાં લીધાં

અભિનેતા કાર્તિક આર્યને બોમ્બે હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં તેણે આરોપ લગાવ્યો છે કે અનેક ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર તેની ઓળખનો તેની અનુમતિ વિના વ્યાપારી હેતુથી ઉપયોગ થઈ રહ્યો છે. આ પગલું ડિજિટલ યુગમાં સેલિબ્રિટીની ઓળખનાં વધતા દુરુપયોગ અંગે ચિંતાઓને દર્શાવે છે.

આ અંગેના અહેવાલો મુજબ, કાર્તિકે ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી અંતર્ગત કેસ દાખલ કરીને તેનાં નામ, છબી, દેખાવ અને અન્ય ઓળખપાત્ર લક્ષણોના સંરક્ષણની માંગ કરી છે. તેનો દાવો છે કે તેની મંજૂરી વગર તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ અરજીમાં કેટલાક ઓનલાઈન પ્લેટફોર્મ્સ તેમજ અજાણ્યા વ્યક્તિઓ (જેઓને "જોન ડો" પક્ષકાર તરીકે ઓળખવામાં આવે છે)ને નિશાન બનાવવામાં આવ્યા છે, જે તેના વ્યક્તિત્વનો વ્યાપારી લાભ માટે ઉપયોગ કરી રહ્યા છેપેટિશનમાં કાર્તિકે કોર્ટને વિનંતી કરી છે કે તે આવા તમામ એકમોને તેની ઓળખનો ઉપયોગ જાહેરાતો, મર્ચેન્ડાઈઝ અથવા ડિજિટલ કન્ટેન્ટમાં કરવાની મનાઈ કરે. સાથે જ, તેણે પ્લેટફોર્મ્સને આ પ્રકારની સામગ્રી દૂર કરવાની અને જવાબદાર લોકોની વિગતો જાહેર કરવાની પણ માંગ કરી છે.તેની કાનૂની ટીમે દલીલ કરી છે કે આ દુરુપયોગ હવે નવી ડિજિટલ ટેક્નોલોજી સુધી પહોંચ્યો છે, જેમાં ઈરાદાપૂર્વક ફેરફાર કરાયેલ (manipulated) કન્ટેન્ટ અને છૈં દ્વારા બનાવાયેલા મટિરિયલનો સમાવેશ થાય છે. આ બાબત ગોપનીયતા અને પબ્લિસિટીના હક્કોને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.અરજીમાં એ પણ કહેવામાં આવ્યું છે કે આવો અનુમતિ વિનાનો ઉપયોગ માત્ર તેના હક્કોનું ઉલ્લંઘન નથી, પરંતુ લોકોમાં ગેરસમજ પણ પેદા કરી શકે છે.આ કેસ ટૂંક સમયમાં સુનાવણી માટે આવવાનો છે, જેમાં કાર્તિકે તાત્કાલિક રાહતની માંગ કરી છે જેથી તેની ઓળખનો વધુ દુરુપયોગ અટકાવી શકાય.

# પ્રતીક ગાંધીની પ્રથમ ગુજરાતી વેબ સિરીઝ 'વિઠ્ઠલ તીડી' હવે શેમારૂમી પર સ્ટ્રીમ થશે

કેટલીક વાર્તાઓ એવી હોય છે કે જે લોકોના દિલમાં એવી રીતે જોડાઈ જાય છે કે લોકો લાંબા સમય સુધી તેની ચર્ચા કરતા રહે છે. 'વિઠ્ઠલ તીડી' એવી જ એક વાર્તા રહી છે, જે સમય જતાં ગુજરાતી દર્શકોની બહાર પણ પોતાની અલગ ઓળખ બનાવી રહી છે. પ્રતીક ગાંધી અભિનિત આ પ્રશંસિત ગુજરાતી વેબ સિરીઝ હવે ૧૦ એપ્રિલથી શેમારૂમી પર સ્ટ્રીમ થશે. તેમની અત્યાર સુધીની પ્રથમ અને એકમાત્ર ગુજરાતી વેબ સિરીઝ તરીકે, આ સિરીઝ ડ્રામા, ક્રાઈમ, રોમાન્સ અને સસ્પેન્સનો રસપ્રદ સંગમ લઈને દર્શકોને અંત સુધી જોડીને રાખશે.

'વિઠ્ઠલ તીડી' વિઠ્ઠલ નામના એક એવા માણસની સફર બતાવે છે જે સામાન્ય પરિવારમાંથી આવે છે પરંતુ પત્તા રમવાની અસાધારણ પ્રતિભા ધરાવે છે. એક એવો જુગારી જેને હરાવવો અશક્ય લાગે છે.

વેબ સિરીઝ વિશે વાત કરતા પ્રતીક ગાંધીએ જણાવ્યું, "વિઠ્ઠલ તીડી મારા દિલની ખૂબ નજીક છે. આ પ્રોજેક્ટ ત્યારે મારા સુધી આવ્યો જ્યારે હું કંઈક એવું કરવાનું વિચારી રહ્યો હતો જે મૂળ સાથે જોડાયેલું હોવા છતાં અલગ અને અનોખું હોય. વિઠ્ઠલની સફરમાં એક અનોખી સાદગી અને સચ્ચાઈ છે—તેના સપના, તેની ખામીઓ અને તે લેતા જોખમો બધું જ ખૂબ જીવંત લાગે છે. એક અભિનેતા તરીકે આ પાત્રે મને નવા રીતે પડકાર આપ્યો અને એક ગુજરાતી તરીકે મને ગર્વ થયો કે હું આવા સ્તરદાર પાત્રને જીવંત કરી શક્યો.




# ક્રિતિ સેનને કહ્યું, 'રશ્મિકા મંદાના જિમમાં રાક્ષસની જેવી ટ્રેનિંગ કરે છે'

જ્યારે કૃતિ સેનને રશ્મિકા મંદાનાનાં સઘન વર્કઆઉટની ગતિ સાથે મેચ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તે તેના માટે ભારે પડી ગયું હતું, તાજેતરમાં ક્રિતિએ આ અંગેના પોતાના અનુભવો જણાવ્યા હતા.

ક્રિતિએ તાજેતરમાં ખુલાસો કર્યો કે તેને ખબર નહોતી કે રશ્મિકા મંદાના જિમમાં કેવી રીતે ટ્રેનિંગ કરે છે. 'એનિમલ' ફિલ્મની અભિનેત્રી સાથેનું પોતાનું પહેલું વર્કઆઉટ યાદ કરતાં, જેઓનો જિમ ટ્રેનર એક જ છે, ક્રિતિ સેનને જણાવ્યું કે તેણે તેની સાથે સ્પર્ધા કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પછી સમજાયું કે તે ભૂલ હતી.

"એક વખત એવું થયુંપ મારો ટ્રેનર રશ્મિકા મંદાનાને પણ ટ્રેનિંગ આપતો હતો. એક દિવસ અમે વિચાર્યું કે સાથે વર્કઆઉટ કરીએ. હું પહેલા ક્યારેય રશ્મિકાને મળી નહોતી. અમે લેગ વર્કઆઉટ કરી રહ્યાં હતાં. હું કાર્ડિયો કરતી નથી. કારણ કે મારે મસલ્સ બનાવવાનાં છે, એટલે હું વચ્ચે બ્રેક લઉં છું અને તે તો જાણે જાનવર જેવી ટ્રેનિંગ કરે છે. તે અટકતી જ નથી. કારણ કે તે સતત એક પછી એક કસરતો કરતી હતી, હું પણ સતત એક પછી એક કસરત કરતી રહી. તે તો ચાલી ગઈ. મને ચક્કર આવવા લગ્યા. હું ખરેખર બેહોશ થવાની હાલતમાં આવી ગઈ હતી." ક્રિતિ સેનને આ કિસ્સો ગાયક અને એક્ટ્રેસ સોફી ચૌધરીને 'ફેમસલી ફિટ વિથ સોફી' ટોક શોમાં જણાવ્યું હતું.





# આયુષ્માન અને શર્વરી આ મહિનામાં સૂરજ બરજાત્યાની ફિલ્મનું શૂટ પૂરું કરશે

## મોટાભાગનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે અને હવે માત્ર એક અઠવાડિયાનું શૂટ બાકી

સૂરજ બડજાત્યાની આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' વિશે સતત અપડેટ્સ આવતી રહે છે. તાજેતરની માહિતી મુજબ, ફિલ્મનું શૂટિંગ હવે પૂર્ણ થવાની તૈયારીમાં છે. સૂરજ બડજાત્યા એક મહિનામાં ફિલ્મનું શૂટ પુરૂં કરશે એવી શક્યતા છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, "ફિલ્મનું શૂટિંગ ખૂબ જ સ્મૂથ રીતે ચાલી રહ્યું છે. મોટાભાગનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે અને હવે માત્ર એક અઠવાડિયાનું શૂટ બાકી છે."

સુત્રે આગળ ઉમેર્યું, "અંતિમ શીડ્યુલ એપ્રિલ મહિનાનાં છેલ્લાં અઠવાડિયામાં અથવા મેના પ્રથમ અઠવાડિયામાં થશે, ત્યારબાદ 'યે પ્રેમ મોલ લિયા'નું શૂટિંગ પૂર્ણ થઈ જશે. ફિલ્મના બંને મુખ્ય કલાકારો આયુષ્માન ખુરાના અને શર્વરી આ શીડ્યુલનો ભાગ બનશે."

આ ફેમિલી એન્ટરટેનર રાજશ્રી પ્રોડક્શન્સ અને મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા નિર્મિત છે. અગાઉ ૨૦૨૨ની ફિલ્મ 'ઊંચાઈ' પછી બંને પ્રોડક્શન હાઉસ ફરી સાથે કામ કરી રહ્યાં છે.


આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના અને શરવરી સિવાય અનુપમ ખેર, સીમા પહવા, સુપ્રિયા પાઠક અને શાદ રંધાવા પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

જાન્યુઆરીમાં શાદ રંધાવાએ ફિલ્મ વિશે વાત કરતાં જણાવ્યું હતું, "આ એવી ફિલ્મ છે જે માત્ર સૂરજજી જ બનાવી શકે. આ ફિલ્મ પરિવાર, મૂલ્યો અને પ્રેમ વિશે છે. તેમાં દાદા-દાદી, નાની, બૂઆ — એ પ્રકારની ફેમિલી સ્ટોરી છે. આ સંબંધોને સ્પર્શે છે અને સુંદર લવ સ્ટોરી પણ કહે છે. લાંબા સમયથી આવી ફેમિલી એન્ટરટેનર ફિલ્મ જોવા મળી નથી."

આ ફિલ્મથી ફરી એક વાર સૂરજ બડજાત્યાની ક્લાસિક ફેમિલી ડ્રામાની ઝલક જોવા મળશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# ટીર૦ વર્લ્ડ ચેમ્પિયન ટીમના હિરોઝનો આઇપીએલમાં સદંતર ફ્લોપ શો

## સૂર્યકુમાર યાદવ, જસપ્રિત બુમરાહ, હાર્દિક પંડ્યા, ઇશાન કિશન કે સંજુ સેમસન આઇપીએલમાં નિષ્ફળ રહ્યા છે




ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝન ધીમે ધીમે રોમાંચક બની રહી છે. એકાદ બે ટીમને બાદ કરતાં મોટા ભાગની ટીમો ત્રણ ત્રણ મેચ રમી ચૂકી છે અને તેમાં ય રાજસ્થાન રોયલ્સ, પંજાબ કિંગ્સ કે રોયલ ચેલેન્જર્સ જેવી ટીમ તો હજી સુધી એકેય મેચ હારી નથી. આ વખતની આઈપીએલનો પ્રારંભ થયો તેના થોડા દિવસ અગાઉ જ ભારતીય ક્રિકેટ ટીમે સૂર્યકુમાર યાદવની આગેવાનીમાં ટીર૦ વર્લ્ડ કપ જીત્યો હતો. આઠમી માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ન્યૂઝીલેન્ડ સામે ૯૬ રનના ભવ્ય વિજય સાથે ભારતે ટાઈટલ જીત્યું હતું. જોકે આશ્ચર્યની વાત એ છે કે વર્લ્ડ ચેમ્પિયન ટીમના હિરોઝ ૨૦૨૬ની આઈપીએલમાં હજી સુધી કાંઈ પ્રભાવ પાડી શક્યા નથી અને તેમની રમત ફ્લોપ શો જેવી રહી છે.

ભારતની ટીમ ચેમ્પિયન બની તેમાં મોટા ભાગના ખેલાડીએ યોગદાન આપ્યું હતું અને તેને ટીમ વર્કની સફળતા માનવામાં આવે છે. તે સમયે જ એવી અપેક્ષા રખાતી હતી કે આ ખેલાડીઓ આઈપીએલમાં પોતપોતાની ફ્રેન્ચાઈઝી માટે રમશે ત્યારે છવાઈ જશે. જે ટીમે વિશ્વની મોખરાની ટીમો સામે અસામાન્ય પ્રદર્શન કર્યું હોય તેના ખેલાડી પોતાની આઈપીએલની ટીમ માટે શાનદાર પ્રદર્શન કરી શકે તેમ હતા. આઈપીએલમાં સૌથી વધુ આશા હોય તો તે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ પાસેથી હોય છે કેમ કે આ ટીમ પાસે હંમેશાં સુપર સ્ટાર ખેલાડીઓ રહ્યા છે. તેમાં ય સૂર્યકુમાર યાદવ, જસપ્રિત બુમરાહ, હાર્દિક પંડ્યા અને તિલક વર્મા જેવા ખેલાડી તો ૨૦૨૬ની ટીર૦ વર્લ્ડ ચેમ્પિયન ટીમનો હિસ્સો રહી ચૂક્યા છે. પણ, વર્તમાન આઈપીએલમાં આમાંથી એકેય ખેલાડી નોંધપાત્ર દેખાવ કરી શક્યો નથી. તાજેતરમાં રાજસ્થાન રોયલ્સના વૈભવ સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલે ગુવાહાટીમાં મુંબઈ સામે જે આતંક મચાવ્યો હતો તેમાં રન આપનારા બોલર્સમાં બુમરાહ પણ હતો. સામાન્ય રીતે બુમરાહની બોલિંગમાં સિક્સર ફટકારવી આસાન હોતી નથી પરંતુ ૧૫ વર્ષીય સૂર્યવંશીએ એ દિવસે બુમરાહના પ્રથમ બોલે જ સિક્સર ફટકારી દીધી હતી. એ મેચમાં બુમરાહે ત્રણ સિક્સર આપી હતી.

સામાન્યપણે પ્રારંભિક ઓવર હોય કે ડેથ ઓવર્સ હોય બુમરાહ હંમેશાં ખતરનાક બની જતો હોય છે પરંતુ આ સિઝનમાં ત્રણ મેચમાં તે એકેય વિકેટ લઈ શક્યો નથી. બેટિંગમાં સૂર્યકુમાર યાદવ અને હાર્દિક પાસેથી વધુ અપેક્ષા રખાતી હોય છે ત્યારે વર્તમાન સિઝનમાં સૂર્યાએ ત્રણ મેચમાં ૭૩ અને હાર્દિકે બે મેચમાં માંડ ૨૭ રન કર્યા છે. આવી જ રીતે ટીર૦નો સ્ટાર બોલર અર્શદીપસિંઘ પણ પંજાબ કિંગ્સ માટે ત્રણ મેચમાં ૯૯ રન આપવા છતાં એકેય વિકેટ ખેરવી શક્યો નથી. સ્ટાર સ્પિનર વરુણ ચક્રવર્તી કોલકાતા માટે બોલિંગમાં સફળ રહ્યો નથી (૭૯ રન આપવા છતાં એકેય વિકેટ નહી) તો દિલ્હી કેપિટલ્સનો કેપ્ટન અક્ષર પટેલ ત્રણ મેચમાં બે વિકેટ લઈ શક્યો છે પરંતુ આ માટે તેણે ૭૧ રન આપી દીધા છે જ્યારે બેટિંગમાં પણ તે ખાસ યોગદાન આપી શક્યો નથી. કુલદીપ યાદવ અને વોશિંગ્ટન સુંદરની પણ આવી જ સ્થિતિ છે. જોકે આઈપીએલમાં હજી ૧૫ જ મેચ રમાઈ છે ત્યારે એવી અપેક્ષા રાખી શકાય કે આ સ્ટાર ખેલાડીઓ આગામી મેચોમાં સારો દેખાવ કરીને તેમની ફ્રેન્ચાઈઝીને સફળતા અપાવશે.

# મુકુલ ચૌધરીએ કોલકાતાના હાથમાં આવેલો વિજય આંચકી લીધો

## આઇપીએલ: લગભગ પરાજયના આરે આવી ગયેલી લખનૌની ટીમે છેલ્લા બોલે ટારગેટ વટાવ્યો, ત્રણ વિકેટે વિજય




મૂળ રાજસ્થાનના અને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં લખનૌ સુપર જાયન્ટ્સ માટે રમતાં મુકુલ ચૌધરીએ અત્યંત આક્રમક અને યાદગાર ઈનિંગ્સ રમીને આ ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં પોતાના વિજયનું ખાતું ખોલાવવાની નજીક પહોંચી ગયેલા કોલકાતા નાઈટ રાઈડર્સના હાથમાં આવેલો વિજય ગુરુવારે આંચકી લીધો હતો. તેણે મેચના છેલ્લા બોલે લખનૌ સુપર જાયન્ટ્સને ત્રણ વિકેટથી વિજય અપાવ્યો હતો. મેચ અત્યંત રોમાંચક બની હતી કેમ કે એક સમયે ૧૬મી ઓવરમાં ૧૨૬ રનના સ્કોર સાત વિકેટ ગુમાવી ચૂકેલી લખનૌની ટીમ માટે મુકુલે જોરદાર લડત આપીને સાત સિક્સર સાથે અણનમ ૫૪ રન ફટકાર્યા હતા. જોકે મુકુલ સિવાય બંને ટીમના બોલર્સે આ મેચમાં કમાલ કરી હતી. લખનૌના બોલર્સે મિડલ ઓવર્સમાં ચુસ્ત બોલિંગ કરીને કોલકાતાને ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૮૧ રનના સ્કોર પર સિમિત રાખી દીધું હતું તો બીજી તરફ આયુષ બદોનીની અડધી સદી છતાં લખનૌની ટીમ પરાજયની નજીક હતી ત્યારે મુકુલે આક્રમણ કરતાં અંતે લખનૌએ તેની ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૨ રન કરી લીધા હતા. મુકલ ચૌધરીએ ૧૯મી ઓવરમાં બે સિક્સર અને એક ચોગ્ગો તથા ૨૦મી ઓવરમાં બે સિક્સર ફટકારી હતી અને અંતિમ બોલે સિંગલ લઈને ટીમને સફળતા અપાવી હતી. મેચ જીતવા માટે ૧૮૨ રનના ટારગેટ સામે રમતાં લખનૌ સુપર જાયન્ટ્સ માટે બદોનીએ ૩૪ બોલમાં સાત ચોગ્ગા અને બે સિક્સર સાથે ૫૪ રન ફટકાર્યા હતા પરંતુ તે સિવાયના બેટર્સ ખાસ યોગદાન આપી શક્યા ન હતા. કોલકાતાના બોલર્સે ચુસ્ત બોલિંગ કરી હતી. એઇડન માર્કરમ ૨૨ રન કરી શક્યો હતો.

લખનૌ સુપર જાયન્ટ્સે ટોસ જીતીને હરીફ ટીમને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. મેચની મધ્ય ઓવર્સમાં શિસ્તબદ્ધ બોલિંગના જોરે લખનૌએ વળથી લડત આપીને કોલકાતાને ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૮૧ રનના સ્કોર પર મર્યાદિત રાખ્યું હતું. કોલકાતા નાઈટ રાઈડર્સ એક સમયે મોટા સ્કોર તરફ આગળ વધી રહ્યું હતું પરંતુ બોલર્સે તેની ગતિ પર બ્રેક લગાવી દીધી હતી. આ જ કારણે યજમાન ટીમનો કોઈ બેટર અડધી સદી સુધી પહોંચી શક્યો ન હતો.

કોલકાતા માટે ઓપનર અને કેપ્ટન અજિંક્ય રહાણેએ ૪૧ અને અંગક્રિશ રઘુવંશીએ ૪૫ રન ફટકાર્યા હતા. ફિન એલન સસ્તામાં આઉટ થઈ ગયો હતો પરંતુ તેની વિકેટથી વિવાદ સર્જાયો હતો.

# ભારતની પ્રથમ ટેસ્ટ વિજેતા ટીમના સદસ્ય ગોપીનાથનું નિધન



ભારતે ૧૯૩૨માં ટેસ્ટ ક્રિકેટમાં રમવાનો પ્રારંભ કર્યો હતો પરંતુ તેને ટેસ્ટમાં પ્રથમ વિજય ૧૯૫૨ના ફેબ્રુઆરીમાં મળ્યો હતો. ઈંગ્લેન્ડ સામેની ચેન્નાઈના ચેપોક ખાતેની એ ટેસ્ટમાં રમનારા જમોડી બેટર અને ઓફ સ્પિનર સી. ડી. ગોપીનાથનું ગુરુવારે ચેન્નાઈ ખાતે નિધન થયું હતું. તેઓ ૯૬ વર્ષના હતા. સીડી ગોપીનાથ અત્યાર સુધી ટેસ્ટ ક્રિકેટના હયાત ક્રિકેટરમાં વિશ્વમાં બીજા ક્રમના સૌથ વયસ્ક તથા ભારતના સૌથી વયસ્ક ક્રિકેટર હતા. ઓસ્ટ્રેલિયાના નીલ હાર્વે હાલમાં ૯૭ વર્ષ અને ૧૭૯ દિવસની વય ધરાવે છે.

ભારતની સૌપ્રથમ ટેસ્ટ વિજેતા ટીમના તેઓ એકમાત્ર હયાત ક્રિકેટર હતા. ૧૯૩૦ની પહેલી માર્ચે ચેન્નાઈ (તત્કાલીન મદ્રાસ)માં જન્મેલા ગોપીનાથ ભારત માટે આઠ ટેસ્ટ અને મદ્રાસ માટે ૮૩ ફર્સ્ટક્લાસ ક્રિકેટ મેચ રમ્યા હતા. ડિસેમ્બર ૧૯૫૧માં મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે રમાયેલી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટથી તેમણે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. જેમાં તેમણે અણનમ ૫૦ રન ફટકાર્યા હતા.




# રાજસ્થાન રોયલ્સ-રોયલ ચેલેન્જર્સ આજે બેટિંગ પર ફોકસ કરશે

## IPL : યશસ્વી જયસ્વાલ અને વૈભવ સૂર્યવંશીની તોફાની જોડી સામે બેંગલોરુ દેવદત્ત પડિક્કલનો પડકાર, સાંજે ૭.૩૦થી પ્રારંભ

યશસ્વી જયસ્વાલ અને વૈભવ સૂર્યવંશીની વિસ્ફોટક શરૂઆતના જોરે રાજસ્થાન રોયલ્સ પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા પ્રયાસ કરી રહ્યું છે ત્યારે શુક્રવારે તેનો મુકાબલો ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે થશે. બંને ટીમ આ સિઝનમાં શાનદાર ફોર્મમાં ચાલી રહી છે અને તેવામાં રોયલ્સની ટીમે પણ નવા જોશમાં દેખાતા દેવદત્ત પડિક્કલનો સામનો કરવાનો રહેશે. સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે. વર્તમાન સિઝનમાં રાજસ્થાન ત્રણ અને બેંગલોર બે મેચ રમ્યું છે અને બંને ટીમ એકેય મેચ હારી નથી ત્યારે શુક્રવારે અહીના બરાસપરા સ્ટેડિયમ ખાતે એક ટીમ સિઝનમાં પહેલી વાર હારનો સામનો કરશે. જોકે ફોર્મમાં રહેલી આ બંને ટીમ આમને-સામને ટકરાશે ત્યારે મુકાબલો રોમાંચક ની રહેવાની સંભાવના છે. રોયલ ચેલેન્જર્સ પાસે કરિશ્માઈ વિરાટ કોહલીની દેખરેખ હેઠળ એક સ્થિર ટોપ-ઓર્ડર છે.કોહલીએ ૨૦૨૪માં ટીર૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હોવા છતાં તેના ફોર્મમાં કોઈ સમસ્યા જોવા મળી નથી. બીજી તરફ ફિલ સોલ્ટે પણ અગાઉની મેચમાં પોતાની વિસ્ફોટક ક્ષમતાનો પરચો આપ્યો હતો. વન-ડાઉન બેટિંગમાં પડિક્કલે તેના ડોમેસ્ટિક ફોર્મને આઈપીએલમાં પણ યથાવત રાખ્યું છે જે તેની આક્રમક છતાં નિયંત્રિત બેટિંગ શૈલીના પુનરાગમનનો સંકેત આપે છે. પડિક્કલે તેની પહેલી આઈપીએલ સિઝનમાં આરસીબી માટે ૪૭૩ રન ફટકારીને થોડા જ સમયમાં પોતાની ક્ષમતા પુરવાર કરી દેતો પ્રભાવ પાડ્યો હતો અને પોતાને એક સ્ટાઈલિશ બેટર તરીકે સ્થાપિત કર્યો હતો. જોકે, ત્યારબાદ રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ સાથેના તેના કરારમાં તેને ધાર્યું પરિણામ મળ્યું ન હતું. તેના પોતાના જણાવ્યા મુજબ ગયા વર્ષે બેંગલોરમાં તેનું પુનરાગમન ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું હતું, કેમ કે ફ્રેન્ચાઈઝીને આખરે તેનું પ્રથમ ટાઈટલ જીતાડવામાં પડિક્કલે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# વાનખેડે સ્ટેડિયમમાં રવિ શાસ્ત્રી સ્ટેન્ડ, દિલીપ સરદેસાઈ ગેટનું અનાવરણ

## MCA એ ભારતીય ક્રિકેટ દિગ્ગજોનું સન્માન કર્યું



મુંબઈ : ભારતના ભૂતપૂર્વ કોચ અને દિગ્ગજ ઓલરાઉન્ડર રવિ શાસ્ત્રીને મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) દ્વારા ગુરુવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં એક ભવ્ય લોકાર્પણ સમારોહમાં રવિ શાસ્ત્રી સ્ટેન્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

એમસીએ દ્વારા ભારતીય મહિલા ટીમની ભૂતપૂર્વ કેપ્ટન ડાયના એડુલજી અને પુરુષ ટીમના ભૂતપૂર્વ મહાન ખેલાડીઓ એકનાથ સોલકર અને દિલીપ સરદેસાઈને વાનખેડે સ્ટેડિયમના એન્ટ્રી ગેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારતીય ક્રિકેટ અને મુંબઈ ક્રિકેટમાં તેમના યોગદાનને સન્માનિત કરતા ગેટ નંબર ૩, ગેટ નંબર ૫ અને ગેટ નંબર ૬ નું ઔપચારિક રીતે દિલીપ સરદેસાઈ, ડાયના એડુલજી અને એકનાથ સોલકરના નામે અનાવરણ કરવામાં આવ્યું.

વાનખેડે સ્ટેડિયમ ખાતે પ્રેસ બોક્સ નીચે લેવલ ૧ સ્ટેન્ડનું નામ રવિ શાસ્ત્રીના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે મુંબઈ અને ભારતીય ક્રિકેટમાં ખેલાડી અને કોચ તરીકે તેમના ઉત્કૃષ્ટ યોગદાનની યાદ અપાવે છે.

શાસ્ત્રીએ ૧૯૮૦ના દાયકાની શરૂઆતના તેમના રમતના દિવસો અને ખાસ કરીને ૧૯૮૩ના ઇંગ્લેન્ડ પ્રવાસની યાદો વાગોળી, જ્યાં તેમણે ભૂતપૂર્વ વિકેટ-કીપર સૈયદ કિરમાણી સાથેની ભાગીદારી દરમિયાન પ્રભાવ પાડ્યો હતો.

જાણીતા કોમેન્ટેટરે ૧૦ જાન્યુઆરી, ૧૯૮૫ના રોજ વાનખેડે સ્ટેડિયમ ખાતે બરોડા સામેની રણજી ટ્રોફીમાં ૩૬ રનના છ છગ્ગા ફટકારવાની યાદ પણ તાજી કરી, જ્યાં ડાબા હાથના સ્પિનર તિલક રાજનો સામનો કરીને તેમણે આખરે ૧૨૩ બોલમાં બેવડી સદી ફટકારી હતી.પૂર્વ ટેસ્ટ ક્રિકેટર દિલીપ સરદેસાઈના ગેટનું અનાવરણ માટે તેમના પુત્ર અને જાણીતા સિનિયર પત્રકાર રાજદીપ સરદેસાઈ હાજર રહ્યા હતા.

ભારતની ભૂતપૂર્વ મહિલા ટીમના કેપ્ટન અને MCA એપેક્સ કાઉન્સિલના સભ્ય ડાયના એડુલજી, જેમને વાનખેડે સ્ટેડિયમના ગેટ નંબર ૫ થી સન્માનિત કરવામાં આવ્યા હતા, તેમણે પણ તેમના રમતના દિવસો દરમિયાન જે ભૂતપૂર્વ વહીવટકર્તાઓ સાથે વાતચીત કરી હતી અને MCA ને આ માન્યતા બદલ આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, કેબિનેટ મંત્રી આશિષ શેલાર, ભારતના ભૂતપૂર્વ કેપ્ટન ગાવસ્કર, વેંગસરકર, T20 વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવ સહિત અન્ય લોકોએ હાજરી આપી હતી.




# શું સૌરાષ્ટ્રમાં કોઈ ક્રિકેટ લેજેન્ડ જ નથી ? ૧૦૦ ટેસ્ટ રમનાર ચેતેશ્વર પૂજારા, શ્રેષ્ઠ ઓલરાઉન્ડર રવિન્દ્ર, બે રણજી જીતનાર કેપ્ટન ઉનડકટ સહિતને કોઈ સ્થાન નહી

- સૌરાષ્ટ્રના રણજીતસિંહજી તથા દિલીપસિંહજી પરથી ભારતીય ક્રિકેટની બે સર્વશ્રેષ્ઠ ડોમેસ્ટિક ટુર્નામેન્ટ - રણજી ટ્રોફી તથા દુલીપ ટ્રોફી રમાઈ છે છતાં સ્ટેડિયમમાં એક અક્ષર નથી
- મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમ, દિલ્હીના અણ જેટલી સ્ટેડિયમ, ઇન્દોરના હોલકર સ્ટેડિયમ, કોલકતાના ઇડન ગાર્ડન, બેંગલુરૂમાં ચિન્નાસ્વામી સ્ટેડિયમ સહિત અનેક સ્ટેડિયમમાં દિગ્ગજ ખેલાડીઓના નામે સ્ટેન્ડ અથવા ગેટ કે પછી ગેલેરીનું નામ માનભેર અપાયું છે



ગઈકાલે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં એક ભવ્ય સેરિમની યોજાઈ હતી. આ સમારોહના ભારતીય ટીમના પૂર્વ ઓલરાઉન્ડર તથા કોચ રવિ શાસ્ત્રીના નામે આઈકોનિક વાનખેડે સ્ટેડિયમમાં સ્ટેન્ડ રખાયું હતું અને જેનું અનાવરણ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કર્યું હતું.

આટલું જ નહીં પણ ભારતીય મહિલા ટીમના પૂર્વ કેપ્ટન ડાયના એડુલજી, પૂર્વ ક્રિકેટર દિલીપ સરદેસાઈ અને પૂર્વ ક્રિકેટર એકનાથ સોલકરના નામે ગેટના નામ અપાયા જેનું અનાવરણ પણ કરાયું હતું. આ સાથે ભારતીય ક્રિકેટ લેજેન્ડને મુંબઈ ક્રિકેટ એસોસિએશન દ્વારા સન્માન અપાયું હતું.

જોકે આ પ્રથમ વખત નથી બન્યું જયારે કોઈ ક્રિકેટ એસોસિએશન દ્વારા ભારતીય ક્રિકેટરોને સન્માન અપાયું હોય. આ પેહલા વાનખેડે સ્ટેડિયમમાં સચિન તેંડુલકરનું સ્ટેચ્યુ અને તેના નામનું સ્ટેન્ડ, સુનિલ ગાવસ્કર, વિજય મર્ચેન્ટ, રોહિત શર્મા, દિલીપ વેંગસરકર સહિતના દિગ્ગજ ક્રિકેટરોના નામે સ્ટેન્ડ અપાયા છે.

આ ઉપરાંત કોલકતાના ઇડન ગાર્ડનમાં સૌરવ ગાંગુલી સ્ટેન્ડ, પંકજ રોય, વગેરે તો દિલ્હીના અણ જેટલી સ્ટેડિયમમાં વિરાટ કોહલી પેવેલિયન, વીરેન્દ્ર સેહવાગ, ગૌતમ ગંભીર સ્ટેન્ડ અપાયું છે, બેંગલોરના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રાહુલ દ્રવિડ અને કુંબલના નામે સ્ટેન્ડ છે.

ત્યારે એક સવાલ ક્રિકેટ રસિકોમાં થાય છે કે શા માટે રાજકોટમાં કોઈ દિગ્ગજ ખેલાડીઓના નામે સ્ટેન્ડ નથી ? શું સૌરાષ્ટ્ર માંથી કોઈ લેજેન્ડ નથી જેને સન્માનિત કરી શકાય. જો આ સવાલનો જવાબ આપીએ તો લિસ્ટમાં અનેક દિગ્ગજ ખેલાડીઓ છે પણ તેનો સમાવેશ કરવા અંગે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનને ખરેખર રસ હોવો જોઈએ.

ભારતના ૧૩માં અને ગુજરાતના એક માત્ર ખેલાડી જેને ૧૦૦ થી વધુ ટેસ્ટ મેચ રમ્યા છે તેવા રાજકોટનું ગૌરવ ચેતેશ્વર પૂજારા, આઈસીસી શ્રેષ્ઠ ઓલરાઉન્ડરનો ખિતાબ જીતનાર અને ટીર૦ વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય જામનગરના રવિન્દ્ર જાડેજા, બે વખત સૌરાષ્ટ્ર ટીમને રણજી ટ્રોફી અપાવનાર કેપ્ટન જયદેવ ઉનડકટ, સહિત અનેક ખેલાડીઓ છે જેના નામે સ્ટેડિયમમાં યાદી સમા સન્માનિત કરી શકાય.

આ ઉપરાંત સૌરાષ્ટ્રના બે દિગ્ગજ ખેલાડીઓ જામનગર રાજ પરિવારના શ્રી રણજીતસિંહજી તથા શ્રી દિલીપસિંહજી કે જેમના નામે ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટની બે ટોચની ટુર્નામેન્ટ ચાલી રહી છે - રણજી ટ્રોફી અને દુલીપ ટ્રોફી તેમના નામે પણ એક અક્ષર નથી.

રાજકોટના જામનગર રોડ પર આવેલ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનનું સ્ટેડિયમમાં ક્રિકેટ રસિકો અંદર એન્ટ્રી લેતા દિગ્ગજોના નામે કોઈ સન્માન કે તેમના યોગદાન જોતા નિરાશા પામે છે. અહીંયા એવા પ્રશ્ન સર્જાઈ છે કે શું સૌરાષ્ટ્રમાં કોઈ ક્રિકેટ લેજેન્ડ જ નથી ?

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬

# ચૂંટણી પ્રચાર માટે લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે પ્રતિબંધક હુકમો

### સુરતના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું

સુરત, તા.૧૦

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય તેમજ નગરપાલિકાઓની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાય) સુરત જિલ્લાનાં વિસ્તારમાં રાજકીય પક્ષો કે સમર્થકો દ્વારા ચૂંટણી પ્રચાર અર્થે લાઉડ સ્પીકરનો તેમજ ચૂંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો રાત્રે ૧૦:૦૦ થી સવારે ૮:૦૦ વાગ્યા સુધી ઉપયોગ પર, સક્ષમ અધિકારીની પરવાનગી સિવાયના સ્થળોએ કે પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ સિવાય પણ નિયત સમયગાળા સિવાય લાઉડ સ્પીકરના ઉપયોગ પર તેમજ કોઈ પણ મતદાન વિસ્તારમાં મતદાન પૂર્ણ થયા અગાઉના ૪૮ કલાક દરમિયાન પ્રચાર પર પ્રતિબંધ હોય લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો અમલ ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક ઉજવણીના પ્રસંગોએ આપેલ છૂટછાટ મુજબના સમયમાં લાગુ પડશે નહી. આ જાહેરનામાનો તા.૨૮/૪/૨૦૨૬ સુધી અમલ કરાશે. તેનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# ચૂંટણી પ્રચારમાં મિલકતને નુકશાન પહોંચાડવું નહીં

સુરત, તા.૧૦

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય તેમજ નગરપાલિકાઓની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાય) સુરત જિલ્લાનાં વિસ્તારમાં રાજકીય પક્ષો કે સમર્થકો દ્વારા જાહેર કે ખાનગી મકાન, મિલ્કત, જમીન, દિવાલ કે કંપાઉન્ડનો તે મિલ્કત ધારણ કરનાર અધિકૃત વ્યક્તિ કે માલિકની પરવાનગી સિવાય ચૂંટણી લક્ષી પ્રચાર માટે ધ્વજ/પતાકા લગાડવા, બેનરો લટકાવવા, નોટીસો ચોંટાડવા, સૂત્રો/નિશાનીઓ લખી ચૂંટણીલક્ષી પ્રચાર કરી મિલ્કતને નુકશાન પહોંચાડવા પર, એક રાજકીય પક્ષના કાર્યકરો દ્વારા અન્ય રાજકીય પક્ષની સભામાં પોતાના પક્ષનું સાહિત્ય વિતરણ કરવા પર તેમજ એક પક્ષ દ્વારા લગાવાયેલ પોસ્ટરને બીજા પક્ષ દ્વારા દૂર કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

'જાહેર મકાન' શબ્દ પ્રયોગ મિલ્કત, ધોરીમાર્ગ, અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા, ચેતવણીરૂપ નોટિસ બોર્ડ, રેલવે પ્લેટફોર્મ, બસ ટર્મીનલ કે જાહેર જનતાના સગવડ માટે પ્રદર્શિત કરેલા અન્ય કોઈપણ પ્રકારના બોર્ડનો સમાવેશ કરી શકાશે. આ જાહેરનામાનો અમલ તા.૨૮/૪/૨૦૨૬ સુધી કરાશે. અને તેનો ભંગ દંડનીય છે.

# ચૂંટણી પ્રચાર માટે વાહનોના ઉપયોગ અંગે માર્ગદર્શન

### ઉમેદવારો કે સમર્થકો વધુ વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં

સુરત, તા.૧૦

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની ખાલી જગ્યાઓ માટેની પેટા ચૂંટણી-૨૦૨૬નો કાર્યક્રમ જાહેર થયો છે. જે મુજબ તા.૨૬/૪/૨૦૨૬ના રોજ મતદાન અને તા.૨૮/૪/૨૦૨૬ના રોજ મતગણતરી યોજાશે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહરનામા દ્વારા કેટલાક પ્રતિબંધો મૂક્યા છે. જે અનુસાર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાય) સુરત જિલ્લાનાં વિસ્તારમાં રાજકીય પક્ષો કે સમર્થકો દ્વારા ચુંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બે/ત્રણ કે ચાર ચક્રીય વાહનોનો ઉપયોગ કરી શકાશે. જાહેર રસ્તાઓ ઉપર એક સાથે દસથી વધુ વાહનોના કાફલામાં સાથે જવા પર પ્રતિબંધ મુકાયો છે. તેમજ દસથી વધુ વાહનોના કાફલામાં દસથી વધુ વાહન ન થાય તે રીતે વિભાજિત કરી બે કાફલા વચ્ચે ઓછામાં ઓછુ ૨૦૦ મીટરનું અંતર રાખવાનું રહેશે. આ જાહેરનામું લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ મુકિત મળેલ રાજકીય નેતાઓને લાગુ પડશે નહી. 'વાહનો'માં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનું ટ્રેક્ટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શકિતથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે. આ જાહેરનામું તા.૨૮/૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. અને તેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે.

# લાંચ કેસમાં હેડ પોલીસ કોન્સ્ટેબલનો છૂટકારો

### કોર્ટે લક્ષ્મણ વસાવાને નિર્દોષ ઠરાવ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૦**

સુરતના ચકચારી લાંચ કેસમાં ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં નિષ્ફળ જતા દારૂના કેસમાં જામીન આપવા માટે ૧૫૦૦ની લાંચ લેવાના આરોપોમાંથી અડાજણ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણ વસાવાને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો

ઘટનાની વિગત મુજબ, વર્ષ ૨૦૧૨માં ફરિયાદી દીપક પાટીલ વિરુદ્ધ નોંધાયેલા દારૂના કેસમાં જામીન આપવા માટે રૂ.૧,૫૦૦ની લાંચ માંગનાર હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણ વસાવાને એસીબી દ્વારા છટકું ગોઠવી ગુનો નોંધવામાં આવ્યો હતો અને ત્યારબાદ કેસની કાર્યવાહી સુરતની સ્પેશિયલ કોર્ટમાં ચાલી હતી.

આ કેસમાં બચાવ પક્ષના સીનિયર વકીલ ગૌતમ આઈ. દેસાઈ અને ચેતન કે. શાસ્ત્રીએ દલીલો કરી હતી. તેમણે કોર્ટમાં પુરવાર કર્યું હતું કે ફરિયાદી પક્ષ લાંચના કેસના અનિવાર્ય તત્વો જેવા કે "માંગણી", "સ્વીકાર" અને "પ્રાપ્તિ" સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. કોર્ટે બચાવ પક્ષની દલીલો અને ઉલટતપાસના મુદ્દાઓને ગ્રાહ્ય રાખી લક્ષ્મણભાઈ વસાવાને તમામ આરોપોમાંથી મુક્ત કર્યા હતા.

## કોસંબાથી અમિતભાઈ મહેન્દ્રભાઈ ચૌહાણ ગુમ

સુરત, તા.૧૦

કોસંબા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ,૨૪ રામેશ્વર સોસાયટી હથુરણ રોડ, તરસાડી, તા. માંગરોળ, જી. સુરત ખાતે રહેતા મહેન્દ્રભાઈ ચૌહાણના ૪૬ વર્ષીય પુત્ર અમિતભાઈ મહેન્દ્રભાઈ ચૌહાણ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના,ચહેરો લંબગોળ,રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે શરીરે ક્રીમ કલરનો શર્ટ તથા કાળા રંગનો પેન્ટ પહેરેલ છે.કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કોસંબા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કામરેજથી ભાવેશ ભૂરાભાઈ માંગુકીયા ગુમ

સુરત, તા.૧૦

કામરેજ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૩/૦૩/૨૦૨૬ ના રોજ રહે.૧૩૩ શાંતિકુંજ બંગ્લોઝ ઓઝોન મોલની બાજુમા કામરેજ જી. સુરત(મૂળ રહે. માળવાગામ તા. મહુવા જી. ભાવનગર) રહેતા ૩૫ વર્ષીય ભાવેશભાઈ ભૂરાભાઈ માંગુકીયા ગુમ થયા છે.તેઓ મધ્યમ બાંધાના,ચહેરો લબગોળ, રંગે ઘઉવર્ણ છે. જેઓએ શરીરે પર્પલ કલરનો શર્ટ તથા કામરે ખાખી કલરનું પેન્ટ પહરેલ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કામરેજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## બારડોલીથી સીમા કુમાવત ગુમ

સુરત, તા.૧૦

બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ રહે:હાલ બારડોલી દેવનારાયણ કોમપ્લેક્ષ ઘરનં .૩૦૪,ધામદોડ રોડ તા. બારડોલી જી. સુરત (મૂળ રહે,દેવકાગામ તા. શીવ જી. બાડમેર(રાજસ્થાન) રહેતા ૧૮ વર્ષીય સીમા કરનારામ શંકરરામ કુમાવત ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના,મોઢુ લંબગોળ,ઘઉવર્ણ છે.જેમણે શરીરે ટી-શર્ટ તથા ભૂરા રંગનું જીન્સ પેન્ટ પહેરેલ છે.કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કીમથી જીતેશ ભાણાભાઈ રાઠોડ ગુમ

સુરત, તા.૧૦

કીમ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ રહે,કામરેજ ગામ, વચલું ફળિયુ તા. કામરેજ જિ. સુરત ખાતે રહેતા ભાણાભાઈ રાઠોડના ૩૮ વર્ષીય પુત્ર જીતેશભાઈ રાઠોડ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, ચહેરો લંબગોળ, રંગે સ્યામવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે શરીરે બ્લૂ કલરની ટી-શર્ટ તથા બ્લૂ કલરનો નાઈટ પેન્ટ પહેરેલ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કીમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઝંખવાવથી સુઝાન અબ્દુલરઝાક શેખ ગુમ

સુરત, તા.૧૦

ઝંખવાવ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ રહે.ઝંખવાવ ગામ, ગુરુજીનગર સોસાયટી તા.માંગરોળ જિ. સુરત ખાતે રહેતા ૧૮ વર્ષીય સુઝાન અબ્દુલરઝાક શેખ ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, ચહેરો લબગોળ, રંગે ઘઉવર્ણ છે, જેઓએ શરીરે સફેદ બ્લૂ કલરની લાંબી કુર્તી તથા વાદળી કલરનો પેન્ટ પહરેલ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઝંખવાવ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## મહુવાથી વિજયકુમાર નટવરલાલ નાયક ગુમ

સુરત, તા.૧૦

મહુવા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ રહે:અંબાડા ગામ, દેસાઈ ફળિયું જિ. નવસારી ખાતે રહેતા ૪૮ વર્ષીય વિજયકુમાર નટવરલાલ નાયક ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, મોઢુ લંબગોળ ,સ્યામવર્ણ છે.જેમણે શરીરે સફેદ કલરની ટી-શર્ટ તથા કમરે બ્લૂ કલરનું જીન્સ પહેરેલ છે.કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા મહુવા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# રાંદેરની સંસ્કાર ભારતી વિદ્યાલયમાં 'કોનવોકેશન સેરેમનિ'નું આયોજન




સુરત, તા.૧૦

રાંદેર રોડ સ્થિત સંસ્કાર ભારતી વિદ્યાલયના બાળભવનના ગુજરાતી માધ્યમમાં સીનિયર કે.જીના બાળકો માટે "Convocation ceremony"નું આયોજન કરવામાં આવ્યું હતું. નાનકડા પગલાંથી શરૂ થયેલી સફર હવે મોટા સપનાઓ તરફ આગળ વધી રહી છે. પ્રથમ પગલે મુકાયેલું આ પગલું સફળતાની લાંબી સફરનો આરંભ છે.

સીનિયર કે.જી માંથી પ્રાથમિક વિભાગમાં જનારા દરેક બાળકોને તેમના માતા-પિતાની હાજરીમાં મંચ પરથી પદવી એનાયત કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જુનિયર કે.જીના બાળકોના વેલકમ ડાન્સ દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. મહેમાન શ્રીમતી ડૉ. નયનાબેન વરીયાના વરદ હસ્તે પદવી એનાયત કરવામાં આવી હતી. બાળકોને પ્રાથમિક વિભાગમાં આવકારતા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. શાળા પરિવાર સીનિયર કે.જીના બાળકોને અભિનંદન પાઠવે છે.



# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની સુમુલ ડેરી ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ

### ડેરી ઉદ્યોગની આધુનિક ટેકનોલોજી પ્રોડકશન પ્રક્રિયાનું નિરીક્ષણ

સુરત, તા.૧૦

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ઈન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા સહિત ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો—ઓપરેટિવ મિલ્ક પ્રોડયુસર્સ યુનિયન લિમિટેડ (સુમુલ)ખાતે ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ ડેરી ઉદ્યોગની આધુનિક કામગીરી, પ્રોડકશન પ્રક્રિયા તથા મેનેજમેન્ટ સિસ્ટમ અંગે જાણકારી મેળવવાનો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વિઝિટ દરમિયાન ચેમ્બરના પ્રતિનિધિ મંડળને સુમુલના અધિકારીઓ દ્વારા સંસ્થાની સ્થાપના, વિકાસ યાત્રા અને હાલની કાર્યપદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત દૂધના સંગ્રહથી લઈ પ્રોસેસિંગ પેકેજિંગ અને વિતરણ સુધીની સંપૂર્ણ પ્રક્રિયા અંગે જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિઓએ સુમુલના આધુનિક પ્લાન્ટ અને ટેકનોલોજીનું નિરીક્ષણ કર્યું હતું અને ગુણવત્તા નિયંત્રણ, હાઈજીન સ્ટાન્ડર્ડ્સ તથા સપ્લાય ચેઈન મેનેજમેન્ટ અંગે ઊંડી સમજ મેળવી હતી. આ સાથે ડેરી ક્ષેત્રમાં નવીનતા અને કાર્યક્ષમતા વધારવા માટે અપનાવવામાં આવતા પગલાંઓ અંગે પણ માહિતી મેળવી હતી. આ ઈન્ડસ્ટ્રીયલ મુલાકાત ઉદ્યોગ અને સહકારી ક્ષેત્ર વચ્ચે સકારાત્મક સંવાદ વધારવામાં અને જ્ઞાનના આદાન—પ્રદાનમાં મહત્વપૂર્ણ સાબિત થઈ હતી.

**ઈરાન વિશ્વ માટે**
**પહેલા પાનાનું ચાલુ**

ગાળાના પુનઃપ્રાપ્તિને ટેકો આપવાનું ચાલુ રાખશે.આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે યુએસ અને ઈરાન બે અઠવાડિયાના યુદ્ધવિરામ કરાર પર પહોંચ્યા છે. અમેરિકા અને ઇઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો કારણ કે તેણે તેના પરમાણુ ઇંધણ ભંડાર છોડવાનો ઇનકાર કર્યો હતો.

**એપ્સ્ટીન મામલે**
**પહેલા પાનાનું ચાલુ**

સાથે ક્યારેય કોઈ સંબંધ નહોતો.''મેલાનિયા ટ્રમ્પે કોંગ્રેસને એપસ્ટીનના પીડિતો માટે કેપિટલ હિલ પર જુબાની આપવા માટે એક મંચ પૂરો પાડવા હાકલ કરી હતી. તેમણે કહ્યું, ''હું કોંગ્રેસને વિનંતી કરું છું કે એપ્સટાઇનના પીડિતોને જાહેર સુનાવણી પૂરી પાડવામાં આવે અને આ પીડિતોને કોંગ્રેસ સમક્ષ શપથ હેઠળ જુબાની આપવાની મંજૂરી આપવામાં આવે, જેથી તેમની જુબાનીમાં શપથ લીધેલી જુબાનીની સંપૂર્ણ કાનૂની શક્તિ હોય.'' ''દરેક મહિલાને તેની ઈચ્છા હોય તો જાહેરમાં પોતાની વાર્તા કહેવાનો અધિકાર હોવો જોઈએ અને ત્યારબાદ તેની જુબાની કાયમી ધોરણે કોંગ્રેસના રેકોર્ડમાં નોંધવી જોઈએ.''

ભૂતપૂર્વ એટર્ની જનરલ પામેલા બોન્ડી, જેમને આંશિક રીતે એપસ્ટીન ફાઇલોના તેમના સંચાલનને કારણે બરતરફ કરવામાં આવ્યા હતા, તેમને ફેબ્રુઆરીમાં કોંગ્રેસની સુનાવણી દરમિયાન એપસ્ટીનના પીડિતોની માફી માંગવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમણે તેમ કરવાનો ઇનકાર કર્યો હતો.

મેલાનિયા ટ્રમ્પે મેક્સવેલ સાથેના તેમના સંબંધોને પણ ઓછા મહત્વના દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો, જે એપસ્ટીનની સહયોગી હતી અને સેક્સ ટ્રાફિકિંગ માટે દોષિત ઠરી હતી. ફેબ્રુઆરીમાં CNN એ તેમના કાર્યાલયને ૨૦૦૨ માં બંને મહિલાઓ વચ્ચે થયેલા મૈત્રીપૂર્ણ ઈમેઈલ સંવાદ વિશે પૂછપરછ કરી હતી — જે એપસ્ટીન તપાસ સંબંધિત દસ્તાવેજોના ભાગ રૂપે જાહેર કરવામાં આવ્યો હતો — પરંતુ તેનો કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો. ટ્રમ્પે તે ઈમેઈલ પર "Love, Melania" લખીને હસ્તાક્ષર કર્યા હતા અને મેક્સવેલે જવાબમાં તેમને "Sweet pea" કહીને સંબોધ્યા હતા.

મેલાનિયાએ ગુરુવારે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે તેમના સામાજિક સંબંધો હોવા છતાં તેઓ એપસ્ટીનના ગુનાઓથી અજાણ હતા. ''મને (એપસ્ટીન દ્વારા) તેના પીડિતો પર કરવામાં આવેલા અત્યાચાર વિશે ક્યારેય કોઈ જાણકારી નહોતી. હું કોઈપણ રીતે આમાં સામેલ નહોતી. હું તેમાં સહભાગી નહોતી. હું ક્યારેય એપસ્ટીનના પ્લેનમાં ગઈ નથી અને ક્યારેય તેના ખાનગી ટાપુની મુલાકાત લીધી નથી,'' તેમણે તેના કૃત્યોને ''ધૃણાસ્પદ'' ગણાવતા કહ્યું હતું.

**ઈઝરાયેલ કેન્સર જેવું**
**પહેલા પાનાનું ચાલુ**

ઈરાન હવે હોર્મુઝમાંથી પસાર થતા તેલ ટેન્કરો પાસેથી પ્રતિ બેરલ ૧ ડોલરનો ટ્રાન્ઝિટ શુલ્ક માંગી રહ્યું છે. ખાસ વાત એ છે કે આ ચુકવણી ક્રિપ્ટોકરન્સીમાં કરવાનું કહેવામાં આવી રહ્યું છે, જેથી પ્રતિબંધો અને ટ્રેકિંગથી બચી શકાય.વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટમાં જણાવાયું છે કે ઈરાનનો ક્રિપ્ટો સેક્ટર ઝડપથી વધીને લગભગ ૭.૮ અબજ ડોલરનો થઈ ગયો છે. આમાંથી અડધાથી વધુ પ્રવૃત્તિઓ ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) અને તેનાથી સંબંધિત જૂથો દ્વારા કરવામાં આવી રહી છે, જેનો ઉપયોગ વેપાર, હથિયારો અને અન્ય સામાનના ભંડોળ માટે થાય છે.રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઈરાનની સેન્ટ્રલ બેંકે ૫૦૭ મિલિયન ડોલરની ક્રિપ્ટોકરન્સી પણ મેળવી છે.

આ પગલું દર્શાવે છે કે ઈરાન આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોથી બચવા માટે નવી પદ્ધતિઓનો ઉપયોગ કરી રહ્યું છે, જેનાથી વૈશ્વિક વેપાર અને તેલ બજાર પર અસર પડી શકે છે.લેબનોનની નેશનલ ન્યૂઝ એજન્સી (NNA) અનુસાર, ઇઝરાયલે દક્ષિણ લેબનોનના સરાફંદ શહેર પર સવારથી અત્યાર સુધીમાં બે હવાઈ હુમલા કર્યા છે.રિપોર્ટમાં એ પણ જણાવાયું છે કે ઇઝરાયલી સેનાએ અલ-બયસારિયાહના બહારના વિસ્તાર ખિરબત અલ-દુવૈર ક્ષેત્રને પણ નિશાન બનાવ્યું.પાકિસ્તાને અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી મહત્વપૂર્ણ વાટાઘાટો માટે મોટો નિર્ણય લીધો છે. દેશના વિદેશ મંત્રી ઈશાક ડારે કહ્યું છે કે ઈસ્લામાબાદ આવનારા તમામ પ્રતિનિધિઓ અને પત્રકારોને વિઝા-ઓન-અરાઈવલ આપવામાં આવશે.ઈશાક ડારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર કહ્યું કે પાકિસ્તાન ઈસ્લામાબાદ વાર્તા ૨૦૨૬ માં ભાગ લેનારા તમામ દેશોના પ્રતિનિધિઓ અને પત્રકારોનું સ્વાગત કરે છે.તેમણે જણાવ્યું કે તમામ એરલાઈન્સને નિર્દેશ આપવામાં આવ્યો છે કે આવા મુસાફરોને વિઝા વિના જ બોર્ડિંગની મંજૂરી આપે.

**વધતા વાહનોની રફતારના**
**પહેલા પાનાનું ચાલુ**

છતાં માર્ગ અકસ્માતોમાં સતત વધારો છે.સરકારી સૂત્રોના કહેવા પ્રમાણે માર્ગ અકસ્માતોમાં રાહદારીઓ તથા ટુ-વ્હીલર ચાલકો ભોગ બનતા હોવાનું પ્રમાણ વધુ છે. મોટાભાગના અકસ્માતોનું કારણ ઓવરસ્પીડ અને ટ્રાફિક નિયમોનો ભંગ-બેદરકારી હોય છે. રાહદારીઓના ચાલવા માટે યોગ્ય સુવિધા નથી. ઉપરાંત ભાડે વાહનો પર દેખરેખ કે નિયંત્રણ માટે પગલાનો અભાવ પણ જવાબદાર છે.

કેન્દ્રીય પરિવહન મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૨.૯ કરોડ રજીસ્ટર્ડ વાહનો છે. છેલ્લા કેટલાંક વર્ષોથી વાહનોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. પરંતુ રાહદારીઓ તથા સાયકલ સવારો માટે યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તારાયું નથી. રસ્તા જેમના તેમ છે અને તે પહોળા કરવા કે યોગ્ય વ્યવસ્થાના કદમ ઉઠાવવામાં આવ્યા નથી.

રાજયના ટ્રાફિક તંત્રના સીનીયર અધિકારીઓએ કહ્યું કે માર્ગ દુર્ઘટનાઓ રોકવા માટે સ્પીડ કેમેરા, ડ્રીન્ક એન્ડ ડ્રાઈવ જેવા કડક પગલા લેવાયા છે. વખતો વખત ખાસ ટ્રાફિક ડ્રાઈવ પણ યોજવામાં આવે છે. ઉપરાંત દુર્ઘટના માટેના ડેન્જર ઝોનમાં પણ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તંત્ર દ્વારા શ્રેણીબધ્ધ પગલા છતાં અકસ્માતો ઘટતા ન હોવાનું સ્વાભાવિક છે.

**મોદીની હત્યાનું કાવતરૂં**
**પહેલા પાનાનું ચાલુ**

ફાઈલો પણ મળી હોવાનું કહેવાય છે, જેની અત્યારે ફોરેન્સિક તપાસ ચાલી રહી છે.

વડાપ્રધાનની સુરક્ષા એ 'ટોપ પ્રાયોરિટી' હોય છે, ત્યારે આ પ્રકારની માહિતી લીક થવી એ દેશની આંતરિક સુરક્ષા માટે મોટો પડકાર છે. પોલીસ અત્યારે એ તપાસ કરી રહી છે કે આ હેકર કોઈ આંતરરાષ્ટ્રીય ગેંગ અથવા આતંકવાદી સંગઠન સાથે સીધો જોડાયેલો છે કે કેમ.

**સ્પાઈસ જેટ દ્વારા**
**પહેલા પાનાનું ચાલુ**

એરલાઈને રાજીનામું આપી ચૂકેલા ડઝનબંધ એન્જિનિયરોનો ત્રણ મહિનાનો નોટિસ પિરિયડ સમાપ્ત કરી દીધો છે. ૩૧ માર્ચના આદેશ બાદ આ કર્મચારીઓને તાત્કાલિક નોકરી છોડવાનું કહેવામાં આવ્યું છે.

ઘરેલુ બજારમાં સ્પાઈસજેટનો હિસ્સો ઘટીને માત્ર ૩.૯% રહી ગયો છે. સરખામણીમાં નવી એરલાઈન આકાશાનો ૩૭ વિમાનો અને ૫,૦૦૦ કર્મચારીઓ સાથેનો હિસ્સો ૪.૯% છે. જૂના કર્મચારીઓ પણ તેમનું ફુલ એન્ડ ફાઈનલ બાકી ન મળવા પર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.

**ગુજરાતમાં પ્રથમ વખત**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પરંપરાગત યુદ્ધકળા છે જેમાં શારીરિક સુદ્રઢતા, લવચીકતા અને આત્મરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે.આ ટ્રેનરો માટે ખાસ કેરલાથી ટ્રેનરો પમ બોલાવવામાં આવ્યા હતા.પ્રારંભિક તબક્કામાં ૩૦ જેટલા પોલીસકર્મીઓને આ અંગેની તાલીમ આપવામાં આવી છે.કાર્યક્રમમાં જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણા, એ.એસ.પી.અજયકુમાર મીણા, ડી.વાય.એસ.પી કુશલ ઓઝા સહિતના પોલીસ અધિકારીઓ અને પોલીસ ઈન્સ્પેક્ટરો હાજર રહ્યા હતા.

**પેન્શનરોએ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કચેરીમાં પીપીઓમાં કરેલ સહીના નમુના મુજબની જ સહી હયાતીના ફોર્મ પર કરવી. વર્ષ ૨૦૨૫-૨૬ના આવકના પ્રમાણપત્ર https://cybertreasury.gujarat.gov.in વેબસાઈટ પરથી મેળવી લેવા શ્રેયાન તિજોરી અધિકારી, પેન્શન ચુકવણા કચેરી, સુરતની યાદીમાં જણાવાયું છે.

# ૮૧ અભયમની સમજાવટ બાદ યુવતી સ્વગૃહે પરત ફરી

### પ્રેમી સાથે રહેવાની જીદ પકડનાર યુવતીનું અભયમ ટીમે સફળ કાઉન્સેલિંગ કર્યું

સુરત, તા.૧૦

મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે આશીર્વાદરૂપ બનેલી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈને વધુ એક કિસ્સામાં કુશળતાપૂર્વક મધ્યસ્થી કરી પારિવારિક વિખવાદ અટકાવ્યો છે. સુરત શહેરમાં પ્રેમી સાથે હોસ્પિટલમાં રહેવાની જીદ પર અડેલી એક યુવતીની અભયમની ટીમે મનોવૈજ્ઞાનિક ઢબે સમજાવટ કરી તેને પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.




ઘટનાની વિગતો મુજબ સુરતની એક યુવતી તેના પરિવારને જાણ કર્યા વગર હોસ્પિટલમાં દાખલ પોતાના પ્રેમીને મળવા પહોંચી ગઈ હતી. જ્યાં પ્રેમીને મળ્યા બાદ હોસ્પિટલમાં જ તેની સાથે રહેવાની જીદ પર અડી ગઈ હતી. આ બાબતે જાણ થતાં જ યુવતીના મોટા બહેન તેને લેવા હોસ્પિટલ દોડી આવ્યા હતા, પરંતુ યુવતીએ પરિવાર સાથે સંબંધ કાપી નાખવાનું જણાવી ઘરે પરત ફરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. પરિસ્થિતિ વણસતી જોઈ મોટા બહેને તાત્કાલિક ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદ માંગી હતી.

અભયમની ટીમે હોસ્પિટલ પહોંચીને યુવતી સાથે શાંતિપૂર્ણ સંવાદ કરી યુવતીને સામાજિક મર્યાદાઓ, પરિવારની ચિંતા અને ભવિષ્યના કાયદાકીય પાસાઓ વિશે સમજાવી હતી. અભયમની આ અસરકારક કાઉન્સેલિંગના અંતે યુવતીને પોતાની ભૂલ સમજાઈ હતી અને તેણે જીદ છોડી પરિવાર સાથે ઘરે જવા સંમતિ દર્શાવી હતી. યુવતીએ આ તકે ખાતરી આપી હતી કે હવે પછી તે પરિવારની જાણ બહાર અવિચારી પગલું નહીં ભરે. યુવતીના પરિવારે અભયમની ત્વરિત કામગીરી અને સંવેદનશીલતા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૧૦ એપ્રિલ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

**સત્તાવાર જાહેર માટે રાતભર ઉજાગરો કરનાર ટિકિટના દાવેદારો બપોર થતા ચિંતાગ્રસ્ત**

# ભાજપના ઉમેદવારો અંગે જબરું સસ્પેન્સ

## આવતીકાલે ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ : હજુ સુધી ભાજપના નામે ટિકિટ વાંચ્છુક ઉમેદવારો ચૂંટણી અધિકારી પાસેથી ફોર્મ પણ મેળવ્યા નથી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપ દ્વારા મોટા ભાગના ઉમેદવારો જાહેર કરવામાં ભારે વિલંબ થયો છે અને આજ પ્રમાણે સુરત મહાનગરપાલિકાના ઉમેદવારોની યાદી આજે શુક્રવારે બપોરે ૧ વાગ્યા સુધી જાહેર નહીં થતા ટિકિટ વાંચ્છુઓમાં ભારે સસ્પેન્સની સ્થિતિ સર્જાઈ છે. ગઈકાલે રાત ભર ઉજાગરો કરનાર ભાજપના દાવેદારો આજે બપોર સુધી સત્તાવાર નામોની ઘોષણાની કાગડોળે પ્રતિક્ષા કરી રહ્યાં છે. આ દરમિયાન ગણતરીના સમયમાં ભાજપના ઉમેદવારો જાહેર થાય તેવી શક્યતા છે.

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી આજે સવારથી ટિકિટ વાંચ્છુક ઉમેદવારો ટિકિટની પ્રતિક્ષામાં અધિરા બની ગયા છે. અને સતત એક બીજાને ફોન કરીને ટિકિટ માટેની પુછપરછ કરી રહ્યા છે. અલબત્ત ભાજપ પ્રદેશ હાઈકમાન્ડે કોઈપણ પ્રકારનો સંકેત નહી આપતા ટિકિટ ફાળવણી મુદ્દે જબરું સસ્પેન્સ બન્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારો ચૂંટણી પંચમાંથી ઉમેદવારી પત્રક મેળવી શકે છે અને આવતીકાલે બપોરે ૩ વાગ્યા સુધીમાં ફોર્મ જમા કરાવી શકે છે. ઉમેદવારી નોંધાવવા માટે આવતીકાલનો શનિવારનો દિવસ અંતિમ છે. તેથી ટિકિટ વાંચ્છુક ઉમેદવારો ભારે ચિંતામાં મુકાઈ ગયા છે.

ભાજપ દ્વારા સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં સત્તાવાર રીતે એક પણ ઉમેદવારની જાહેરાત આજે બપોરે ૧ વાગ્યા સુધીમાં કરવામાં આવી નથી. જેના પગલે ટિકિટ માટે દાવેદારી કરનાર એક પણ ઉમેદવારે ચૂંટણી અધિકારી સમક્ષ ઉપસ્થિત થઈને ભાજપ પાર્ટીના ઉમેદવાર તરીકે ફોર્મ મેળવ્યું નથી. આજે બપોરે ૩ વાગ્યા સુધી ફોર્મ મળી શકશે. આજે બપોર સુધીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારોની ઘોષણા કરવામાં આવે તો પણ આવતીકાલે ફોર્મ મેળવવું પડે અને આવતીકાલે જ ફોર્મ ભરવું પડે એવી સ્થિતિ ઉદભવતા ટિકિટ માટેના દાવેદારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

# સુરત મહાનગર પાલિકાની ચુંટણી એનસીપી, સપા, બસપા અને ઔવેશીની પાર્ટી પણ મેદાનમાં

## નાની રાજકીય પાર્ટીઓના ઉમેદવારોના મતવિભાજનથી ચુંટણીના પરિણામમાં ફેરફાર થઇ શકે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સુરત મહાનગર પાલિકાની ચુંટમીના ધમધમાટ વચ્ચ જે - તે વોર્ડમાં ઉમેદવારોની હાર જીત માટેના રસપ્રદ સમીકરણોમાં જ્ઞાતિવાદના મુખ્ય પરિબળ ઉપરાંત નાના રાજકીય પક્ષો તથા અપક્ષોનું પરિબળ પણ કારગત નિવડી હોય છે. હાલની સ્થિતિ જોતો નાની રાજકીય પાર્ટીઓ તથા અપક્ષો મોટાભાગે ભાજપના ઉમેદવારોને જીતાડવા માટેનો માર્ગ મોકળો કરી દેતા હોય છે.

સુરત મહાનગર પાલિકાની ગત ટર્મથી ચુંટણીના પરિણામોમાં આમ આદમી પાર્ટીના ૨૭ ઉમેદવારોનો વિજય થયો હતો. અને કોંગ્રેસના સુપડા સાફ થઇ ગયા હતા. તથા ભાજપે શાનદાર વિજય સાથે સત્તા કબ્જે કરી હતી.

ગત ટર્મની ચુંટણીમાં સુરતમાં આમ આદમી પાર્ટીના ઉદય સાથે હાલની ચુંટણીમાં પણ ભાજપ, આપ અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખીયો ચુંટણી જંગ થવાનો છે ત્યારે નાના રાજકીય પક્ષો પણ મેદાનમાં આવી ગયા છે. સુરત મહાનગર પાલિકાની ચુંટણીમાં ઘણા ખરા વોર્ડમાં એનસીપી, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, ઔવેશીની પાર્ટી, એઆઇએમઆઇએમ જેવી રાજકીય પાટીઓ ઉપરાંત અપક્ષો પણ ચુંટણીમાં ઉભા રહેવાના છે. જે મહદઅંશે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની ગણતરી ઉંધી પડી શકે છે.

# આ વખતની ચુંટણીમાં પણ અપક્ષ ઉમેદવારોનો રાફડો ફાટવાની શક્યતા

**મુસ્લિમ મતદારો વધુ હોય તેવો વોર્ડમાં અપક્ષ ઉમેદવારી નોંધાવતા લઘુમતી સમુદાયના ઉમેદવારોની દોડધામ**

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સુરત મહાનગર પાલિકાની ચુંટણીમાં પાછલા વર્ષોની બે ત્રણ ટર્મની ચુંટણીથી લઘુમતી મતદારોની વધુ સંખ્યા ધરાવતા વિસ્તારોમાં લઘુમતી સમુદાયમાંથી અપક્ષ ઉમેદવારી નોંધાવવાના વલણમાં આશ્ચર્યજનક રીતે વધારો થઇ રહ્યો છે અને આ વખતની ચુંટણીમાં પણ ચોક્કસ વોર્ડમાં અપક્ષ ઉમેદવારોનો રાફડો ફાટી નિકળવાની શક્યતા છે.

આવતીકાલે તા.૧૧મીના શનિવારે ઉમેદવારી નોંધાવવાનો આખરી દિવસ છે. આ દરમિયાન વિવિધ વોર્ડમાંથી મોટા પ્રમાણમાં અપક્ષ ઉમેદવારોએ ફોર્મ મેળવીને ઉમેદવારી નોંધાવાની તજવીજ આદરી છે.સુરત મહાનગર પાલિકાના વોર્ડ નં.૯, વોર્ડ નં.૧૧, વોર્ડ નં.૧૨, વોર્ડ નં.૧૩, વોર્ડ નં.૧૮, વોર્ડ નં.૧૯, વોર્ડ નં.૨૫, અને વોર્ડ નં.૩૦માંથી લઘુમતી ઉમેદવારોએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવવા દોડધામ શરૂ કરી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત તમામ વોર્ડમાં મુસ્લીમ મતદારોની સંખ્યા ૨૦ હજારથી ૨૨ હજાર જેટલી છે અને તેના કારણે જ જીતી જવાની ગણતરીમાં મેદાને પડતા મુસ્લીમ અપક્ષ ઉમેદવારો ચુંટણી જંગ જીતી શક્તા નથી. પરંતુ જીતી શકે તેવા ઉમેદવારોને હરાવી દેવા ઘણીવાર કારણભુત બની શકે છે.



સુરત મહાનગરપાલિકાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ત્યારે ભાજપના ઉમેદવારોના ચૂંટણી પ્રચાર અર્થે લાઉડસ્પીક સાથેની ઓટો રિક્ષાઓ દોડતી કરી દેવામાં આવી હોવાનું તસ્વીરમાં જણાય છે. (તસવીર : હનીફ મલેક)

# સુરત જિલ્લાની તમામ શાળાઓમાં ચૂંટણી જાગૃતિ માટે રંગોળી સ્પર્ધા

## સુરત જિલ્લા કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયતની કચેરીના પટાંગણમાં રંગોળી ચિત્ર બનાવવામાં આવ્યું

**સુરત, તા.૧૦**

સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સુરત જિલ્લામાં ચૂંટણી પ્રચાર-પ્રસાર અને મતદાતા જાગૃતિ વધારવાના હેતુસર આજરોજ જિલ્લાની તમામ શાળાઓમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ અને મતદાનના મહત્વ અંગે પ્રેરણા પૂરી પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ આયોજનના ભાગરૂપે ૧૦ ટ ૧૫ ફૂટના વિશાળ કદના ચૂંટણી પ્રચાર આધારિત રંગોળી ચિત્રો વિવિધ સ્થળોએ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા સેવા સદન-૨ કલેક્ટર કચેરી ખાતે હિલ્સ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ આધારિત સુંદર રંગોળી ચિત્ર બનાવવામાં આવ્યું હતું.



જિલ્લા સેવા સદન-૨ વિંગ ખાતે ધી માંડવી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પણ આકર્ષક ચૂંટણી પ્રચાર આધારિત રંગોળી ચિત્ર તૈયાર કરવામાં આવ્યું હતું.સુરત જિલ્લા પંચાયત બિલ્ડીગ ખાતે સંસ્કાર ભારતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ વિષયક ખૂબ જ સુંદર રંગોળી ચિત્ર બનાવવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, આ તમામ રંગોળી ચિત્રો સંબંધિત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ તૈયાર કરવામાં આવ્યા છે, જે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ પ્રતિબિંબ રજૂ કરે છે. આ રંગોળીઓમાં મતદાન જાગૃતિ, "મતદાન કરવું એ ફરજ છે", "જાગૃત મતદાર - મજબૂત લોકશાહી" જેવા સંદેશાઓને સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે માનનીય કલેક્ટર સાહેબે સુંદર રંગોળી બનાવવા બદલ ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા માર્ગદર્શક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા અને તેમની સર્જનાત્મકતા તથા જાગૃતિ પ્રત્યે પ્રશંસા વ્યક્ત કરી હતી.જિલ્લાની તમામ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય જનતામાં ચૂંટણી પ્રત્યે જાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન મળી રહ્યું છે.

# કોંગ્રેસે પસંદ થયેલા ઉમેદવારોને ફોર્મ ભરી દેવા ફોનથી જાણ કરી

## કોંગ્રેસના ઉમેદવારોની સત્તાવાર યાદી આવતીકાલે ઓપચારિક રીતે જાહેર કરાશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સુરત મહાનગર પાલિકાની ચુંટણી માટે કોંગ્રેસના ઉમેદવારોની યાદી આવતીકાલે શનિવારે ઔપચારીક રીતે જાહેર કરાશે. અને ટીકીટ આપી છે. તેવા ઉમેદવારોને કોંગ્રેસ ફોન કરીને જાણ કરીને પાર્ટીનો મેન્ડેટ આપી દેવાની વ્યવસ્થા કરી છે.કોંગ્રેસ દ્વારા પ્રથમ તબક્કામાં ૨૬ ઉમેદવારોના નામો જાહેર કરી દીધા હતા બાકી બચેલા ૯૪ ઉમેદવારોને ગઇકાલે મોડી રાત્રે કોંગ્રેસ પાર્ટી દ્વારા ફોનથી જાણ કરી ઉમેદવારી પત્રક નોંધાવી દેવાની સુચના આપી દેવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીનો મેન્ડેટ સીધો જ ઉમેદવારો સુધી પહોંચાડી દેવા માટેની સુરત શહેર કોંગ્રેસ પાર્ટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# હનીટ્રેપમાં ફસાવી રૂા.૫ કરોડની મિલ્કત પડાવી લેનાર આશા હિરપરાની ધરપકડ

## વેપારીને મુંબઈ બોલાવી નશીલુ પીણું પીવડાવી અજાણી સ્ત્રી સાથે નિર્વસ્ત્ર વીડિયો ઉતારી વેપારીને બ્લેક મેઈલ કરાતો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સુરતમાં વેપારીને હનીટ્રેપમાં ફસાવી ૫ કરોડથી વધુની મિલકત પડાવી લેનાર ગેંગની આશા હીરપરાની ધરપકડ કરી તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

વેસુ ખાતે રહેતા અને એમ્બ્રોઈડરી જોબવર્કના વેપાર સાથે સંકળાયેલા વેપારી મનોજ ગોંડલીયાના આરોપી ધવલ અકબરી પાસેથી એમ્બ્રોઈડરી કામના ૨.૨૮ કરોડ લેવાના હતા. આ રકમ ન આપવી પડે તે માટે ધવલ અને તેના સાગરીતોએ કાવતરું રચી વેપારીને મુંબઈ બોલાવ્યા હતા. ત્યાં તેમને નશીલું પીણું પીવડાવી, અજાણી સ્ત્રી સાથે નિર્વસ્ત્રા હાલતમાં વીડિયો ક્લિપ ઉતારી લીધી હતી.

આ વીડિયો વાયરલ કરવાની અને બળાત્કારના કેસમાં ફસાવવાની ધમકી આપી ધવલ સહિતના આરોપીઓએ વેપારીની કામરેજ, બારડોલી અને વેસુની મળી કુલ ૫.૦૪ કરોડની પ્રોપર્ટી પોતાના નામે કરાવી લીધી હતી.

આ અંગે વેપારીએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.. આ કેસમાં ફરાર આરોપી આશા મનસુખ હિરપરા ઉર્ફે પટેલ(રહે. ઓમ ટાઉનશીપ પાસોદરા કામરેજ તેમજ કૃષ્ણ ટાઉનશીપ મવડી સ્મશાન પાસે રાજકોટ)ને રાજકોટથી ઝડપી પાડવામાં આવી હતી.

# સૂર્યા મરાઠી ગેંગનો સાગરિત દિપક કુટેકર પિસ્તોલ સાથે ઝડપાયો

## ઉત્તર પ્રદેશથી મંગાવેલા હથિયાર સાથે એસઓજી પોલીસે રિઢા ગુનેગારને ઝડપી પાડ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

વેડરોડ પર આવેલી વિરામનગર સોસાયટી પાસેથી સુર્યા મરાઠી ગેંગના રીઢા ગુનેગાર દીપક ઉર્ફે દીપક કુટેકરને પિસ્તોલ સાથે એસ ઓ જીએ ધરપકડ કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં ૨૩ વર્ષીય આરોપી દીપક પાસેથી ૩૫,૦૦૦ની કિંમતની ગેરકાયદેસર પિસ્તોલ મળી આવી છે. આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં હિતેશ સોલંકી નામના શખ્સ સાથે થયેલા ઝઘડામાં તેના પર ફાયરિંગ થયું હતું, જેનો બદલો લેવા માટે તેણે એક વર્ષ પહેલા ઉત્તર પ્રદેશથી આ હથિયાર મંગાવ્યું હતું.

આરોપી દીપક ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની વિરુદ્ધ અત્યાર સુધીમાં હત્યાનો પ્રયાસ, આર્મ્સ એક્ટ, મારામારી, ડ્રગ્સ અને છેડતી જેવા ૨૧ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પોલીસની સતર્કતાને કારણે આરોપી કોઈ મોટી ગેંગવોર કે ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલાં જ ઝડપાઈ જતાં શહેરમાં મોટી દુર્ઘટના ટળી છે. હાલ પોલીસે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઘરેથી ભાગીને ટ્રેનમાં એકલી મુસાફરી કરતી કિશોરીને રેલવે પોલીસે બચાવી

## રાણકપુર એક્સપ્રેસ ટ્રેનમાં કિશોરીને ઓળખી ગયેલા એક મુસાફરે તેના પરિવારને જાણ કરતા આરપીએફની મદદ લેવાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

બિકાનેરના નાખામાંથી અગમ્ય કારણે ઘર છોડીને રાણકપુર એક્સપ્રેસ ટ્રપેનમાં બેસીને મુંબઈ જતી ૧૪ વર્ષની છોકરીને સામાજિક અગ્રણીઓની મદદથી આરપીએફ દ્વારા સુરત રેલવે સ્ટેશન ઉતારીને સુરત નારી કેન્દ્રમાં સુરક્ષીત આશ્રય આપવામાં આવ્યો છે.

રાજસ્થાનના બિકાનારે જિલ્લાના નાખા ગામની ૧૪ વર્ષની છોકરી ગઈકાલે રાણકપુર એક્સપ્રેસ ટ્રેનના એ-૭ કોચમાં એકલી મુસાફરી કરતી હોવાની અન્ય મુસાફરોને જાણ થતા છોકરીને ઓળખી ગયેલા યાત્રીએ તેના માતા-પિતાને ફોન કરી હકીકત જણાવતા સમગ્ર મામલો રેલવે પોલીસમાં પહોંચ્યો હતો. કોઈ નારાજગીના કારણે છોકરી એકલી મુંબઈ જતી હોવાની જાણ સુરતના પીપા ક્ષત્રિય સમાજના અગ્રણીઓને જાણ કરવામાં આવતા સમાજના આગેવાનો ઓમ પ્રકાશ બડગુજર તથા નવરતન ગોયલ સુરત રેલવે સ્ટેશને પહોંચી ગયા હતા. અને રેલવે પોલીસની મદદથી મળસ્કે અઢી વાગે સુરત સ્ટેશને આવેલી રાણકપુર એક્સપ્રેસ ટ્રેનમાં એકલી મુસાફરી કરતી છોકરીને સમજાવીને સુરત નારી ગૃહમાં સુરક્ષીત આશ્રય આપવામાં આવ્યો હતો.

કોઈક કારણે ઘર છોડીને એકલી ચાલી નીકળેલી નાખા ગામની છોકરીની પોલીસે પ્રાથમિક પુછપરછ કરી હતી દરમિયાન સગીર છોકરીના પરિવારનો બિકાનેર થી સુરત આવવા માટે રવાના થઈ ગયા હોવાનું સુરત પીપા ક્ષત્રિય સમાજ મિત્ર મંડળ દ્વારા જણાવાયું છે. આ સમગ્ર ઘટનામાં સામાજિક આગેવાન ઓમ પ્રકાશ ગોયલે પણ મહત્વની ભૂમિકા અદા કરી હતી.

# નકલી પનિર શોધવા પોલીસ દ્વારા નામી હોટેલો-રેસ્ટોરન્ટોમાં તપાસ

## ફૂડ સેફ્ટી અંગેના બોર્ડ લગાડવા પોલીસનો આદેશ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સુરતમાં નકલી અને ભેળસેળિયા પનીરના વેચાણને રોકવા માટે એસ ઓ જી અને પાલિકાના આરોગ્ય વિભાગે સંયુક્ત રીતે ઝુંબેશ શરૂ કરી છે. આજે શહેરની નામી હોટેલ્સ અને રેસ્ટોરન્ટ્સમાં પોલીસ અને આરોગ્ય અધિકારીઓએ ઓચિંતુ ચેકિંગ હાથ ધર્યું હતું.

પોલીસ અને પાલિકાની સયુંકત તપાસ દરમિયાન બર્જર કિંગ, લા પિનોઝ પિત્ઝા, કેએફસી અને ટેકો બેલ જેવી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સમાં પણ સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું.તમામ હોટેલ અને રેસ્ટોરન્ટ્સને ૧૦ એપ્રિલ સુધીમાં ફૂડ સેફ્ટી અંગેના નોટિસ બોર્ડ લગાવવા આદેશ અપાયો છે. નિયમનું ઉલ્લંઘન કરનારને ૧૦ લાખ સુધીનો દંડ ફટકારવાની ચેતવણી અપાઈ છે.તંત્રના આ સપાટાથી ભેળસેળ કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગ્રાહકોના હિતમાં લેવાયેલા આ કડક પગલાંને શહેરીજનો આવકારી રહ્યા છે.

# ઉધનામાં જુની અદાવતમાં પિતા અને પુત્ર પર હથિયારથી હુમલો

## અજાણ્યા લોકો પિતા-પુત્રને લોહીલુહાણ કરીને ભાગી ગયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

સુરત શહેરના ઉધના વિસ્તારમાં ફરી એકવાર કાયદો અને વ્યવસ્થાને પડકારતો બનાવ સામે આવ્યો છે. ઉધના રામદેવનગર, મોરારજી વસાહત રોડ નં.૦૯ નજીક ચાની દુકાન પાસે થયેલા હુમલામાં પિતા અને દીકરી ઈજાગ્રસ્ત થતા સ્થાનિકોમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, ફરિયાદી સુનિલ રામ સ્વારથ પાંડે (ઉ.વ.૪૮), જે ડાઈગ-પેન્ટીગનું કામ કરે છે અને રામદેવનગર વિસ્તારમાં રહે છે, તેઓ પર તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ બપોરે આશરે ૩:૩૦થી ૪:૦૦ વાગ્યાના સમયગાળામાં હુમલો કરવામાં આવ્યો હતો. આરોપી તરીકે સાગર પાટીલ અને એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, આ બનાવ પહેલાં લગભગ પંદર દિવસ અગાઉ આરોપીએ ફરિયાદીના માનસિક રીતે બીમાર મોટા પુત્ર વિક્કીને ગાળો બોલી માર માર્યો હતો. આ જૂના વિવાદને કારણે જ ફરીથી હુમલો કરવામાં આવ્યો હોવાનો અંદાજ છે.

ઘટનાના દિવસે સાગર પાટીલએ તીક્ષ્ણ હથિયાર વડે ફરિયાદીના ડાબા પગના સાથળના ભાગે બે ઘા કર્યા હતા અને પાછળના ભાગે પણ એક ઘા કર્યો હતો. સાથે રહેલા અજાણ્યા ઈસમોએ લાકડાના ફટકાથી ફરિયાદીના ડાબા હાથ પર માર માર્યો હતો. એટલું જ નહીં, ફરિયાદીની દીકરી પૂજાને પણ પેટના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

# યુવક દ્વારા મોપેડ પર બાળકીનું અપહરણ કરી શારીરિક કુચેષ્ઠા

## એકાંત સ્થળે કિશોરીને યુવકે કમરમાંથી પકડી ચુંબન કરવાનો પ્રયાસ કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૦**

શહેરમાં નાબાલિક બાળકી સાથે છેડતી અને ધમકી આપવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ ઘટનાએ શહેરમાં ફરી એકવાર મહિલાઓ અને નાબાલિકોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યાછે. પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ફરિયાદી સુરત શહેરના રહેવાસી છે. આ કેસમાં સાહીલ રવિંદ્ર પ્રસાદ (રહે. દેવીદર્શન સોસાયટી, ગોડાદરા, સુરત)ને આરોપી તરીકે નામજોગ કરવામાં આવ્યો છે. ઘટના તા.૦૮/૦૪/૨૦૨૬ના રોજ રાત્રે અંદાજે ૨૧:૩૦થી ૨૨:૩૦ વાગ્યાના સમયગાળામાં બની હતી.

ફરિયાદ મુજબ, પીડિતા જેની ઉંમર અંદાજે ૧૫ વર્ષ ૧૦ માસ છે, તે પોતાના મોટા પિતાના ઘરેથી ટીફિન લઈને ઘરે પરત ફરી રહી હતી. તે દરમિયાન મંદિરની પાછળ આરોપી સાહીલએ તેને અટકાવી બળજબરીપૂર્વક મોપેડ પર બેસાડી દીધી હતી. ત્યારબાદ તે પીડિતાને એકાંત જગ્યાએ લઈ ગયો હતો, જ્યાં તેણે તેની સાથે અશ્લીલ હરકતો કરી હતી.આરોપીએ પીડિતાને કમરના ભાગે પકડીને ચુંબન કરવાનો પ્રયાસ કર્યો હતો. પીડિતાએ વિરોધ કરતાં આરોપી ગુસ્સે થઈ ગયો અને ધમકી આપી કે જો તે તેની વાત નહી માને તો તે તેના પરિવારને નુકસાન પહોંચાડશે અને ઘરમાં વાત કરી દેશે. આથી ગભરાયેલી પીડિતા જૈદ્વીર્રુ ત્યાંથી છૂટી જઈ ઘરે પહોંચી અને પરિવારને સમગ્ર ઘટના જણાવી.પરિવારજનો દ્વારા તરત જ પોલીસમાં સંપર્ક કરવામાં આવ્યો હતો અને તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ સવારે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપી સામે છેડતી, બળજબરી અને ધમકીની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે.